dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 । Issue- 55 । AD - 2026, Kartak Vad-05 । Saturday, Dt. 28-11-2026 । Editor : Vasant Movliya : Phone : (02792) 225225 । E-mail : sanjognews@gmail.com । Page-08 Price : Rs.3-00

લોકસભાની બેઠકોમાં ૫૦ ટકાનો વધારો કરવાનો પ્રસ્તાવ, ૩૦ નવેમ્બરથી સંસદનું ચાર દિવસીય વિશેષ સત્ર યોજાશે

સીમાંકન બિલ, મહિલા અનામતના બંધારણીય સુધારાને કેબિનેટની મંજૂરી

નવી દિલ્હી, તા. ૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આજે મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં સીમાંકન બિલને મંજૂરી આપવામાં આવી છે. લગભગ ૪૦ મિનિટ સુધી ચાલેલી આ બેઠકમાં સંસદના આગામી વિશેષ સત્રની કાર્યવાહી અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, સીમાંકન બિલમાં તમામ રાજ્યોમાં લોકસભાની બેઠકોમાં સમાન પ્રમાણમાં ૫૦ ટકાનો વધારો કરવાનો પ્રસ્તાવ છે. બેઠકોની સંખ્યા અંગેની આ મર્યાદા વર્ષ ૨૦૫૧ સુધી અમલમાં રહેવાની જોગવાઈ હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત નારી શક્તિ વંદન કાયદા સંબંધિત બંધારણીય સુધારા બિલને પણ કેબિનેટે મંજૂરી આપી છે. આ અંતર્ગત લોકસભા અને વિધાનસભાઓમાં મહિલાઓ માટે એક તૃતીયાંશ બેઠકો અનામત રાખવાની જોગવાઈ છે. સરકાર દ્વારા સંસદનું વિશેષ સત્ર ૩૦ નવેમ્બરથી બોલાવવામાં આવ્યું છે. લોકસભાની કાર્યવાહી ૩૦ નવેમ્બરથી શરૂ થશે, જ્યારે રાજ્યસભાની કાર્યવાહી ૨ ડિસેમ્બરથી શરૂ થશે. સંસદનું આ સત્ર ૩ ડિસેમ્બર સુધી ચાલશે. કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે, સરકારે ચાર દિવસીય વિશેષ સત્ર બોલાવવાનો નિર્ણય લીધો છે અને લોકસભા તથા રાજ્યસભાના અધ્યક્ષોને તેની જાણ કરવામાં આવી છે. સરકારની યોજના મુજબ ૩૦ નવેમ્બર અને ૧ ડિસેમ્બરે લોકસભામાં મહત્ત્વપૂર્ણ કાયદાકીય કામગીરી



હાથ ધરાશે, જ્યારે ૨ અને ૩ ડિસેમ્બરે રાજ્યસભામાં ચર્ચા થશે. રિજિજુએ વધુમાં જણાવ્યું હતું કે, સરકારને મહત્ત્વપૂર્ણ કાયદાકીય કામગીરી માટે સંસદનું સત્ર બોલાવવાનો અધિકાર છે. આ લાંબા સમયથી ચાલતી સંસદીય પરંપરા છે. તેમણે તમામ રાજકીય પક્ષો અને સાંસદોને વિશેષ સત્રમાં સક્રિય ભાગ લેવા અપીલ કરી હતી. સંસદમાં રજૂ થનારા બિલ પર વ્યાપક અને અર્થપૂર્ણ ચર્ચા થવી જોઈએ તેમ પણ તેમણે જણાવ્યું હતું. બીજી તરફ, વિપક્ષી પક્ષોએ સરકારની કાર્યવાહી સામે વાંધો ઉઠાવ્યો છે. વિપક્ષનો આક્ષેપ છે કે, સીમાંકન બિલ અંગે પૂરતી માહિતી આપવામાં આવી નથી તેમજ બિલની નકલ પણ અગાઉથી ઉપલબ્ધ કરાવવામાં આવી નથી. સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે સીમાંકન અંગે સરકારના નિર્ણયની ટીકા કરતાં તેને ભાજપની મોટી રાજકીય ભૂલ ગણાવી છે. કોંગ્રેસના સાંસદ પ્રમોદ તિવારીએ પણ સરકાર પર પ્રહાર કરતાં આ બિલને દેશની લોકશાહી વ્યવસ્થા માટે મહત્ત્વપૂર્ણ મુદ્દો ગણાવ્યો હતો. આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહે પણ સીમાંકન બિલનો વિરોધ કરવાની જાહેરાત કરી છે. તેમના મતે હિન્દી ભાષી રાજ્યોમાં બેઠકો વધારવાના પ્રયાસો રાજકીય હેતુથી થઈ રહ્યા છે. જોકે, કેટલાક વિપક્ષી નેતાઓએ બેઠકો વધારવાના પ્રસ્તારને સમર્થન આપ્યું છે. રાજદ સાંસદ સુરેન્દ્ર યાદવે લોકસભાની બેઠકો વધે તો સીમાંકનના પક્ષમાં હોવાનું જણાવ્યું છે. મહિલા અનામત અને સીમાંકનના મુદ્દે સરકાર તથા વિપક્ષ વચ્ચે આગામી સંસદીય સત્રમાં ગરમાગરમ ચર્ચા થવાની શક્યતા છે.

ભારતે સરહદ પર અભેદ્ય સુરક્ષા કવચ સમાન 'એસ-૪૦૦' તૈનાત કરવાની તૈયારી કરી

નવી દિલ્હી, તા. ૨૭

ભારતે પાકિસ્તાન સાથેની સરહદ પર હવાઈ સુરક્ષા વધુ મજબૂત બનાવવા માટે પાંચમી જી-૪૦૦ વાયુ સંરક્ષણ પ્રણાલી તૈનાત કરવાની તૈયારી હાથ ધરી છે. જમ્મુ-કાશ્મીરમાં ૪૭૦ કિલોમીટર લાંબી નિયંત્રણ રેખા (એલઓસી)ની સુરક્ષા માટે આ વ્યવસ્થા મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. હાલમાં ગુજરાત, રાજસ્થાન અને પંજાબમાં ત્રણ જી-૪૦૦ સિસ્ટમ તૈનાત છે, જ્યારે ચીન સરહદની સુરક્ષા માટે ચોથી સિસ્ટમ આસામમાં



કાર્યરત છે. અહેવાલો અનુસાર, ફેબ્રુઆરી ૨૦૨૭ સુધીમાં પાંચમી સિસ્ટમ તૈનાત થઈ શકે છે. ભારતીય વાયુસેનાની નિરીક્ષણ ટીમ આગામી મહિને રશિયાની મુલાકાત લેશે. જી-૪૦૦ પ્રણાલી ૪૦ થી ૪૦૦ કિલોમીટર સુધીની રેન્જમાં વિમાનો, મિસાઈલો અને ડ્રોન જેવા હવાઈ ખતરાનો સામનો કરવાની ક્ષમતા ધરાવે છે. ઓપરેશન સિંદૂર દરમિયાન પણ આ પ્રણાલીની કામગીરી ચર્ચામાં રહી હતી. ભારત આગામી સમયમાં રશિયા પાસેથી વધુ પાંચ જી-૪૦૦ સિસ્ટમ ખરીદવાની યોજના ધરાવે છે. બીજી તરફ, ચીન દ્વારા પાકિસ્તાનને જે-૩૫ ફાઈટર વિમાનો આપવાની સંભાવના વચ્ચે ભારત લાંબા અંતરની મિસાઈલો, ડ્રોન અને આધુનિક સંરક્ષણ શસ્ત્રો વિકસાવવા પર ભાર મૂકી રહ્યું છે. ચીન અને તુર્કી દ્વારા પાકિસ્તાનને આપવામાં આવતી લશ્કરી સહાયને ધ્યાનમાં રાખીને ભારત એલઓસી પર સરહદી માળખું પણ વધુ મજબૂત બનાવવાની દિશામાં આગળ વધી રહ્યું છે.

સાઉદી અરેબિયાની તેલ રિફાઈનરી પર હૂતી બળવાખોરોનો હુમલો, એકનું મોત, ૧૧ ઘાયલ

જવાબમાં સાઉદી ગઠબંધનનો યમનમાં વળતો પ્રહાર,૧૯ નાગરિકોના મોત

નવી દિલ્હી,તા.૨૭

યમનના હૂતી બળવાખોરોએ ગુરુવારે સાઉદી અરેબિયાની જાજાન તેલ રિફાઈનરી પર હુમલો કર્યો હતો. આ હુમલામાં નેપાળના એક કર્મચારીનું મોત થયું હતું, જ્યારે ૧૧ લોકો ઘાયલ થયા હતા. જવાબમાં સાઉદી અરેબિયાના નેતૃત્વ હેઠળના સૈન્ય ગઠબંધને યમનમાં હૂતી બળવાખોરોનાં ૫૦ ઠેકાણાં પર



હવાઈ હુમલા કર્યા હતા. હૂતીના આરોગ્ય મંત્રાલયના દાવા મુજબ, છેલ્લા ૪૮ કલાકમાં થયેલા હુમલાઓમાં ૧૯ નાગરિકોનાં મોત થયાં અને ૨૫ લોકો ઘાયલ થયા છે.આ અગાઉ હૂતીએ સાઉદી અરેબિયાની રાસ તનુરા તેલ રિફાઈનરી પર હુમલો કર્યાનો દાવો કર્યો હતો. હુમલાને કારણે રિફાઈનરીમાં આગ લાગી હતી અને તેલનું લોડિંગ અટકાવાયું હોવાના અહેવાલ છે. આ રિફાઈનરીમાં દરરોજ ૫.૫ લાખ બેરલ તેલ શુધ્ધ કરવાની ક્ષમતા છે.સાઉદી ગઠબંધનના જણાવ્યા અનુસાર, રાસ તનુરા પર હુમલા માટે આવેલા ચાર ડ્રોન તોડી પાડવામાં આવ્યા હતા. દરમિયાન હૂતી બળવાખોરોએ રિયાધના કિંગ અબ્દુલ્લા આર્થિક શહેર પર પણ હુમલાની જવાબદારી સ્વીકારી હતી. આ હુમલામાં ૧૧ લોકો ઘાયલ થયાના અહેવાલ છે. સતત હુમલાઓને પગલે સાઉદી અરેબિયાની સુરક્ષા અને તેલ ઉદ્યોગ સામે પડકાર ઊભો થયો છે.

ગાંધી જયંતિના દિવસે પૂર્વ પરવાનગી વિના મુંબઈમાં વિરોધ પ્રદર્શન કરવા બદલ

સીજેપીના ત્રણ નેતાઓ સામે લુકઆઉટ સર્ક્યુલર જારી, વિદેશ પ્રવાસ પર રોક

મુંબઈ, તા. ૨૭

મુંબઈ પોલીસે સીજેપીના પ્રમુખ અભિજીત દીપક, સૌરભ દાસ અને આશુતોષ રંકા સામે લુકઆઉટ સર્ક્યુલર જારી કર્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર, ગાંધી જયંતિના દિવસે પૂર્વ પરવાનગી વિના મુંબઈમાં વિરોધ પ્રદર્શન કરવા બદલ તેમની સામે કેસ નોંધવામાં આવ્યો હતો. હવે ત્રણેય નેતાઓ દેશ છોડીને ન જઈ શકે તે માટે આ કાર્યવાહી કરવામાં આવી



છે. આ મામલે સૌરભ દાસે દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરી છે. તેમણે આક્ષેપ કર્યો છે કે ૨૩ નવેમ્બરે યુકે જતી વખતે તેમને દિલ્હી એરપોર્ટ પર રોકવામાં આવ્યા હતા. કેન્દ્ર સરકારે કોર્ટને જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર પોલીસની વિનંતી પર તેમની સામે લુકઆઉટ સર્ક્યુલર જારી કરાયો હતો. કોર્ટે અરજીની સુનાવણી ૯ ડિસેમ્બરે નક્કી કરી છે. ૩ ઓક્ટોબરે નોંધાયેલી એફઆઈઆરમાં અન્ય સાત નેતાઓ અને ૪૦૦ થી વધુ સમર્થકોનાં નામ પણ સામેલ છે.

સોફ્ટવેર જાયન્ટ એસએપીમાં મોટી છટણીની તૈયારી, ૧૦ હજાર કર્મચારીઓની નોકરી જોખમમાં

નવી દિલ્હી, તા. ૨૭

કૃત્રિમ બુદ્ધિમત્તા (એઆઈ)ના વધતા ઉપયોગ વચ્ચે જર્મન સોફ્ટવેર કંપની એસએપી આશરે ૧૦ હજાર કે તેથી વધુ કર્મચારીઓની છટણી કરવાની તૈયારી કરી રહી હોવાના અહેવાલો સામે આવ્યા છે. આ નિર્ણય અમલમાં આવે તો કંપનીના કુલ કર્મચારીઓના આશરે ૧૦ ટકા લોકોની નોકરી જોખમમાં મુકાઈ શકે છે. જોકે, આ યોજના પ્રારંભિક તબક્કામાં છે અને કંપનીએ સત્તાવાર



જાહેરાત કરી નથી. મીડિયા અહેવાલો અનુસાર, એસએપી ક્લાઉડ સેવાઓ અને એઆઈ આધારિત સોફ્ટવેર પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. ખર્ચ ઘટાડવા અને કામગીરીમાં કાર્યક્ષમતા લાવવા કર્મચારીઓની સંખ્યા ઘટાડવાની વિચારણા ચાલી રહી છે. વર્ષ ૨૦૨૪માં પણ કંપનીએ આશરે ૧૦ હજાર કર્મચારીઓનું પુનર્ગઠન કર્યું હતું. હાલમાં કંપનીમાં લગભગ ૧.૧૩ લાખ કર્મચારીઓ છે. નોંધનીય છે કે કંપનીએ ત્રીજા ક્વાર્ટરમાં ૧૦.૩ અબજ યુરોની આવક નોંધાવી હતી. તેમ છતાં સંભવિત છટણી અંગે કર્મચારીઓમાં ચિંતા વધી છે.







લીલીયાના વાઘણીયામાં બાયો-મેડિકલ વેસ્ટ પ્લાન્ટની લોકસુનાવણીમાં ગ્રામજનોનો વિરોધ

લીલીયા,તા.૨૭

લીલીયા તાલુકાના વાઘણીયા ગામે બાયો-મેડિકલ વેસ્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સ્થાપવા માટે યોજાયેલી પર્યાવરણીય અસર મૂલ્યાંકન અંગેની લોકસુનાવણી ભારે વિવાદમાં સપડાઈ હતી. ગ્રામજનોના ઉગ્ર વિરોધ અને હોબાળાને કારણે સુનાવણી દરમિયાન તંગદિલી સર્જાઈ હતી. પરિસ્થિતિ વણસતાં પોલીસે દરમિયાનગીરી કરી મામલો થાળે પાડ્યો હતો. અનેક ગ્રામજનોએ સુનાવણીનો બહિષ્કાર કરી સભા છોડી દેતાં સમગ્ર પ્રક્રિયા વિવાદાસ્પદ બની હતી.વાઘણીયા ઉપરાંત નાના લીલીયા, ટીંબડી અને પીપળવા સહિતનાં આસપાસનાં ગામોના ગ્રામજનો, સામાજિક આગેવાનો અને ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પ્રસ્તાવિત પ્લાન્ટ સામે વિરોધ નોંધાવી તંત્ર સમક્ષ પોતાની રજૂઆતો કરી હતી. વિરોધ કરી રહેલા ગ્રામજનો અને આગેવાનોએ



જણાવ્યું હતું કે વાઘણીયા વિસ્તાર બૃહદ ગીર હેઠળ આવે છે અને પ્લાન્ટ માટે પસંદ કરાયેલી જગ્યાથી આશરે ૨૦૦ મીટર દૂર વન વિસ્તાર આવેલો છે. આ વિસ્તારમાં સિંહ, હરણ અને મોર સહિતનાં વન્યજીવોની અવરજવર રહે છે. આવા સંવેદનશીલ વિસ્તારમાં બાયો-મેડિકલ વેસ્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સ્થાપવાથી પર્યાવરણ અને વન્યજીવોના અસ્તિત્વ સામે જોખમ ઊભું થઈ શકે છે. આ ઉપરાંત આસપાસના ગૌચર વિસ્તારમાં પશુધન ચરવા માટે જતું હોવાથી પ્લાન્ટમાંથી નીકળતા કચરા, દુર્ગંધ અને સંભવિત પ્રદૂષણની અસર પશુધન તથા ગ્રામજનોના આરોગ્ય પર પડી શકે તેવી આશંકા પણ વ્યક્ત કરવામાં આવી હતી.તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ બહાદુર બેરાએ વન્યજીવ સંરક્ષણ અને વન વિભાગની મંજૂરી સામે સવાલો ઉઠાવ્યા હતા. અહીં મોટી સંખ્યામાં સિંહોની અવરજવર રહેતી હોવાથી પ્લાન્ટ સ્થાપવાના નિર્ણય અંગે વન વિભાગ અને વહીવટી તંત્રએ પુનર્વિચાર કરવો જોઈએ.

પ્રાંત અધિકારીના અધ્યક્ષસ્થાને લોક સુનાવણી યોજાઈ

સાવરકુંડલાના પ્રાંત અધિકારી જુલ પટેલના અધ્યક્ષસ્થાને સરકારની માર્ગદર્શિકા મુજબ લોક સુનાવણી યોજાઈ હતી. તેમણે જણાવ્યું હતું કે 'અમરેલી બાયોમેડ સર્વિસિસ' કંપની દ્વારા બાયો-મેડિકલ વેસ્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે આ સ્થળની પસંદગી કરવામાં આવી છે. સુનાવણી દરમિયાન વિરોધ થતાં ઉપસ્થિત લોકોને સમજાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા.તેમણે વધુમાં જણાવ્યું હતું કે અમરેલી જિલ્લામાં આરોગ્યલક્ષી સુવિધાઓ વધી રહી હોવાથી હોસ્પિટલો અને આરોગ્ય સંસ્થાઓમાંથી નીકળતા બાયો-મેડિકલ કચરાના યોગ્ય નિકાલ માટે જિલ્લામાં જ વ્યવસ્થા હોવી જરૂરી છે. હાલમાં જિલ્લામાં આવો પ્લાન્ટ ઉપલબ્ધ ન હોવાથી કચરાની સારવાર, પાણીની વ્યવસ્થા, દહન પ્રક્રિયા અને પર્યાવરણ પર થનારી અસરો જેવા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

બાબરા શહેરની કૃષ્ણનગર સોસાયટીમાં જાહેર માર્ગ પર દબાણોનો વિવાદ વકર્યો

બાબરા,તા.૨૭

બાબરા શહેરની કૃષ્ણનગર સોસાયટીમાં જાહેર માર્ગ પર મોટી કેબિનો અને દુકાનો ઊભી કરી દેવામાં આવતાં રહીશોમાં રોષ ફેલાયો છે. જાહેર માર્ગ પર થયેલા દબાણો દૂર કરવાની માંગ સાથે સોસાયટીના રહીશોએ બાબરા મામલતદાર, નગરપાલિકાના ચીફ ઓફિસર તેમજ જિલ્લા કલેક્ટરને



લેખિત રજૂઆત કરી છે. રહીશોના આક્ષેપ મુજબ, દબાણો પાછળ રાજકીય વગનો ઉપયોગ થયો હોવાની રજૂઆત કરવામાં આવી છે. સામાન્ય નાગરિક દબાણ કરે ત્યારે કાર્યવાહી થતી હોય તો જાહેર માર્ગ પર ઊભી થયેલી કેબિનો અને દુકાનો સામે તંત્ર કેમ કાર્યવાહી કરતું નથી તેવો સવાલ ઉઠાવ્યો છે.

રહીશોએ ચેતવણી આપી છે કે દબાણો તાત્કાલિક દૂર કરવામાં નહીં આવે તો ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે. હવે તંત્ર આ રજૂઆત અંગે કેવાં પગલાં ભરે છે તેના પર સૌની નજર છે.

અમરેલીમાં પીસી-પીએનડીટી કમિટીની બેઠક યોજાઈ

અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લા ડિસ્ટ્રિક્ટ એડવાઈઝરી કમિટી (પીસી-પીએનડીટી) ની બેઠક તા. ૨૬ નવેમ્બરના રોજ ચેરમેન ડો. ગજેરાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. બેઠકમાં ગત કાર્યવાહી નોંધને બહાલી આપવામાં આવી હતી તેમજ નવા અને રિન્યુઅલ રજિસ્ટ્રેશન



સહિતની મંજૂરીઓને મંજૂર કરવામાં આવી હતી. જિલ્લામાં જાતિ પ્રમાણની સમીક્ષા દરમિયાન સમગ્ર જિલ્લામાં સકારાત્મક સુધારો જોવા મળ્યો હતો. જોકે, ઓછો જાતિ રેશિયો ધરાવતા તાલુકાઓમાં દીકરીઓની સંખ્યા વધારવા જનજાગૃતિ કાર્યક્રમો યોજવા સૂચના અપાઈ હતી.

આવા વિસ્તારોમાં સ્ટિંગ અને ડિકોય ઓપરેશન હાથ ધરવા તેમજ જિલ્લાના તમામ ક્લિનિકનું ૧૦૦ ટકા વેરિફિકેશન કરવા તાલુકા હેલ્થ ઓફિસરોને તાકીદ કરાઈ હતી.

જાતિ પ્રમાણમાં સુધારો છતાં ઓછા રેશિયો ધરાવતા તાલુકાઓમાં જનજાગૃતિ અને ડિકોય ઓપરેશન હાથ ધરવા સૂચના

અભિનેતા ઓજસ રાવલના સિંહ દર્શનનો વીડિયો વાયરલ થતાં વનવિભાગે નોટીસ ફટકારી

અમરેલી,તા.૨૭

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકામાં કોવાયા નજીક ગુજરાતી અભિનેતા ઓજસ રાવલ સિંહ દર્શન કરતા હોય તેવો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં વન વિભાગ હરકતમાં આવ્યું છે. અભિનેતાએ પોતે સિંહ દર્શનનો વીડિયો સોશિયલ મીડિયા પર મૂક્યા બાદ ગેરકાયદે સિંહ દર્શનનો મામલો ચર્ચામાં આવ્યો છે. આ ઘટનાને ગંભીરતાથી લઈ વન વિભાગે ડીસીએફ વિકાસ યાદવે જણાવ્યું હતું કે અભિનેતા ઓજસ રાવલને વન વિભાગ દ્વારા નોટિસ પાઠવવામાં આવી છે. આ ઘટનામાં વન વિભાગના કોઈ કર્મચારીની સંડોવણી સામે આવશે તો તેની સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવશે. સમગ્ર મામલાની તપાસ એસીએફ પાલીતાણાને સોંપવામાં આવી છે. તપાસ



દરમિયાન સિંહ દર્શન માટેની વ્યવસ્થા કોણે કરી હતી અને તેમાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે સહિતના મુદ્દાઓની તપાસ કરવામાં આવશે.

સામાન્ય નાગરિક સામે કડક હાથે કામ કરનારા વનવિભાગ અભિનેતા સામે કેવી રીતે કામગીરી કરે છે તે હવે તપાસના અંતે જ ખબર પડશે.

વન કર્મચારીની સંડોવણી હશે તો કડક કાર્યવાહી વનવિભાગે ચેતવણી આપી, ઘટનાની તપાસ પાલીતાણા એસીએફની સોંપવામાં આવી

ખાંભા તાલુકા મથકે એસ.ટી. ડેપો શરૂ કરવાની ઉઠી માંગ

અમરેલી,તા.૨૭

ખાંભા તાલુકામાં એસ.ટી. ડેપો ન હોવાથી તાલુકાનાં ૫૭ ગામોના લોકોને પૂરતી એસ.ટી. બસની સુવિધા મળતી નથી. આથી તાલુકાના લોકોના હિતમાં ખાંભા ખાતે એસ.ટી. ડેપો શરૂ કરવાની માંગ ઉઠી છે. આ અંગે મુખ્યમંત્રી, રાજ્યના વાહન વ્યવહાર મંત્રી, સ્થાનિક ધારાસભ્ય અને સાંસદ સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. વર્ષો પહેલાં ખાંભા ખાતે એસ.ટી. ડેપોનું મકાન બનાવવામાં આવ્યું હતું, પરંતુ કોઈ કારણોસર ત્યાંથી બસોની અવરજવર બંધ થતાં મકાન પણ જર્જરિત થઈ ગયું છે. ડેપોના અભાવે તાલુકાનાં ગામો ઉપરાંત સુરત, અમદાવાદ, રાજકોટ, ભાવનગર, દ્વારકા અને સોમનાથ સહિતનાં શહેરો માટે લાંબા અંતરની બસ સુવિધા મળતી નથી. રાજ્યના મોટાભાગના તાલુકા મથકોએ ડેપો કાર્યરત છે ત્યારે ખાંભામાં પણ તાત્કાલિક એસ.ટી. ડેપો શરૂ કરવામાં આવે તેવી માંગ સામાજિક કાર્યકર ભાનુભાઈ કોઠીયા દ્વારા કરવામાં આવી છે.

અમરેલી કોમર્સ કોલેજમાં સંવિધાન ગૌરવ દિવસની ઉજવણી

અમરેલી,તા.૨૭

અમરેલી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ તથા અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે.કે. પારેખ કોમર્સ કોલેજ, અમરેલી ખાતે સંવિધાન ગૌરવ દિવસ નિમિત્તે શપથ ગ્રહણ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓમાં ભારતીય સંવિધાનના મૂલ્યો, આદર્શો અને લોકશાહી પરંપરાઓ પ્રત્યે જાગૃતિ



લાવવાનો હતો. કાર્યક્રમની શરૂઆત કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. જે.ડી. સાવલિયા દ્વારા ભારતીય સંવિધાનના આમુખના સામૂહિક વાંચનથી કરવામાં આવી હતી. ત્યારબાદ સિનિયર પ્રાધ્યાપક પ્રો. જે.એમ. તળાવીયાએ સ્ટાફગણ અને વિદ્યાર્થીઓને સંવિધાનના રક્ષણ, સન્માન તથા તેના મૂલ્યોનું પાલન કરવાના શપથ લેવડાવ્યા હતા. કાર્યક્રમમાં સ્ટાફ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સફળ આયોજન બદલ વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રીઓ મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટ અને ઈન્ચાર્જ પ્રિન્સિપાલે શુભેચ્છાઓ પાઠવી હતી.

અમરેલી જિલ્લામાં મતદારયાદી સુધારણા કાર્યક્રમનો પ્રારંભ

૨૬ ડિસેમ્બર સુધી નામ નોંધણી અને સુધારા માટે તક, ૧,૩૯૫ મતદાન મથકો પર ખાસ ઝુંબેશ યોજાશે

અમરેલી, તા. ૨૭

ભારતના ચૂંટણીપંચ દ્વારા ૧ જાન્યુઆરી ૨૦૨૭ની લાયકાતની તારીખના આધારે મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૭નો પ્રારંભ કરવામાં આવ્યો છે.



અમરેલી જિલ્લામાં ૨૭ નવેમ્બરના રોજ મુસદ્દા મતદારયાદી પ્રસિધ્ધ કરાઈ હતી. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની બેઠક યોજાઈ હતી. મતદારો ૨૬ ડિસેમ્બર સુધી નામ નોંધણી, વિગતોમાં સુધારા અને નામ કમી માટે અરજી કરી શકશે. આગામી ૨૯ નવેમ્બર, ૬ અને ૧૩ ડિસેમ્બરના રોજ ખાસ ઝુંબેશ યોજાશે. આ દિવસોમાં જિલ્લાના ૧,૩૯૫ મતદાન મથકો પર સવારે ૧૦ થી સાંજે ૫ વાગ્યા સુધી BLO ઉપસ્થિત રહી અરજીઓ સ્વીકારશે. વધુ માહિતી માટે ટોલ ફ્રી નંબર ૧૯૫૦ પર સંપર્ક કરી શકાશે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

Hero
Super Splendor
75 km/l* BEST-IN-CLASS MILEAGE
Super JHAKAAS MILEAGE
On Road Price ₹91,999/-*
नया Super Splendor XTEC 2.0 125cc
SUPER SILENT START
SUPER NEW GRAPHICS
SUPER LED HEADLAMP
SCAN TO KNOW MORE
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી ૧૫ ॥ ॥ શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ॥
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...
યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
● શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
● નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
● પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - 3, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૯૧૪૧૨ ૦૭૭૩૯

લીલી પરિક્રમા દરમિયાન અમરેલી એસ.ટી. નિગમનું સફળ સંચાલન: ૨૦,૫૨૦ મુસાફરોએ લીધો લાભ

કુલ ૩૫૨ ટ્રીપ અને ૪૧,૮૬૨ કિ.મી.નું સંચાલન; રૂ. ૧૬.૨૧ લાખથી વધુની આવક નોંધાઈ

અમરેલી,તા.૨૭

અમરેલી એસ.ટી. વિભાગ દ્વારા લીલી પરિક્રમા- દરમિયાન શ્રધ્ધાળુઓની સુવિધા માટે વિશેષ એક્સ્ટ્રા બસ સંચાલન કરવામાં આવ્યું હતું. તારીખ ૨૦/૧૧/૨૦૨૬ થી ૨૫/૧૧/૨૦૨૬ સુધીના સંચાલનના આંકડા મુજબ, અમરેલી એસ.ટી. વિભાગની બસોએ કુલ ૩૫૨ ટ્રીપ દ્વારા ૪૧,૮૬૨ કિલોમીટરનું અંતર કાપીને ૨૦,૫૨૦ મુસાફરોને સુરક્ષિત પરિવહન પૂરું પાડ્યું છે. આ કામગીરીથી નિગમને કુલ રૂ. ૧૬,૨૧,૬૨૨ ની આવક થઈ હતી. ડેપો વાર કામગીરી જોઈએ તો, ધારી ડેપોએ સૌથી વધુ ૧૧૩ ટ્રીપમાં ૧૨,૩૯૧ કિ.મી. સંચાલન કરી રૂ. ૪,૬૫,૮૮૪ ની આવક અને ૭,૬૧૯ મુસાફરોને લાભ આપ્યો છે. બગસરા ડેપોએ ૮૦ ટ્રીપમાં રૂ. ૨,૫૪,૯૬૮ ની આવક સાથે ૩,૯૬૮ મુસાફરોને, જ્યારે ઉના ડેપોએ ૪૩ ટ્રીપમાં રૂ. ૨,૫૩,૮૦૧ ની આવક સાથે ૨,૧૫૪ મુસાફરોને સેવા આપી છે. આ ઉપરાંત અમરેલી (૫૦ ટ્રીપ, રૂ. ૨,૧૧,૧૬૧ આવક, ૨,૬૫૦ મુસાફરો), કોડીનાર (૩૪ ટ્રીપ, રૂ. ૨,૨૭,૫૬૩ આવક, ૧,૯૨૯ મુસાફરો), સાવરકુંડલા (૧૮ ટ્રીપ, રૂ. ૧,૦૫,૧૧૫ આવક, ૧,૨૭૬ મુસાફરો) અને રાજુલા (૧૪ ટ્રીપ, રૂ. ૧,૦૩,૧૩૦ આવક, ૯૨૪ મુસાફરો) ડેપોએ પણ કામગીરી કરી છે.

ધારી મામલતદારની ખનિજ માફિયાઓ પર તવાઈ, બે ટ્રેક્ટર સાથે લાખોનો મુદ્દામાલ જપ્ત

ધારી,તા.૨૭

ધારી તાલુકામાં ગેરકાયદેસર રેતી ખનન અને ખનિજ ચોરીની પ્રવૃત્તિઓ સામે મામલતદાર તંત્રએ લાલ આંખ કરી છે. છેલ્લા બે દિવસ દરમિયાન ધારી મામલતદારની ટીમે અલગ-અલગ સ્થળોએ કાર્યવાહી કરી ગેરકાયદેસર રીતે રેતીનું ખનન કરતા બે ટ્રેક્ટર ઝડપી પાડી ડિટેઈન કર્યા હતા. આ



તસવીર : સંજય વાળા

કાર્યવાહી દરમિયાન અંદાજે રૂ. પાંચ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. તંત્રની સતત કાર્યવાહીને પગલે ગેરકાયદેસર ખનન સાથે સંકળાયેલા ખનિજ માફિયાઓમાં ફફડાટ ફેલાયો છે. રેતીની ગેરકાયદેસર ચોરી અટકાવવા માટે મામલતદારની ટીમ દ્વારા સઘન તપાસ અને દેખરેખ રાખવામાં આવી રહી છે. પકડાયેલા વાહનોના માલિકો અને સંચાલકો સામે નિયમોનુસાર કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ખનિજ સંપત્તિની ચોરી અટકાવવા અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા તંત્રની આ કામગીરી મહત્વપૂર્ણ બની છે.

સા.કુંડલાના જેસર રોડ પર તાત્કાલિક ડામર રોડ બનાવવાની કરી માંગ

અમરેલી,તા.૨૮

સાવરકુંડલાના જેસર રોડની બિસ્માર હાલતને કારણે નગરજનો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.

વાહનો પસાર થતાં ધૂળની ડમરીઓ ઊડતાં રહીશો, વેપારીઓ અને રાહદારીઓ પરેશાન બન્યા છે. નવી ગટરલાઈનની કામગીરી દરમિયાન જૂનો રસ્તો તોડ્યા બાદ મેટલિંગ અને આર.સી.સી.ની કામગીરી કરાઈ હતી, પરંતુ માર્ગ પર ધૂળનું પ્રમાણ વધ્યું છે. જેના કારણે બાળકો અને વૃધ્ધોના સ્વાસ્થ્ય સામે પણ જોખમ ઊભું થયું છે. આ મામલે પૂર્વ શહેર કોંગ્રેસ પ્રમુખ કનુભાઈ ડોડીયાએ નગરપાલિકામાં રજૂઆત કરી તાત્કાલિક ટેકનિકલ તપાસ કરાવી નિયમ મુજબ પાકો ડામર રોડ બનાવવાની માંગ કરી છે.

રાજુલાની એચ.બી. સંઘવી મહિલા કોલેજમાં સંવિધાન ગૌરવ દિવસની ઉજવણી કરાઈ

રાજુલા,તા.૨૭

રાજુલા એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન શ્રીમતી એચ. બી. સંઘવી મહિલા આર્ટ્સ તથા કોમર્સ કોલેજ ખાતે ૨૬ નવેમ્બર ૨૦૨૬ના રોજ સંવિધાન ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં કોલેજનાં આચાર્ય ડો. રીટાબેન રાવળે સંવિધાન દિવસની ઉજવણીનો હેતુ



સમજાવી સ્વતંત્રતા, સમાનતા, બંધુતા અને રાષ્ટ્રની એકતા અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીનીઓ માટે પ્રશ્નોત્તરીનું આયોજન કરાયું હતું. કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. યુનિટ-૧નાં પ્રોગ્રામ ઓફિસર જાગૃતિબેન તેરૈયા તથા યુનિટ-૨નાં ભગવતીબેન વડીયાએ કર્યું હતું. સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ અને ડો. જીગ્નેશભાઈ વાજાએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

અવસાન નોંધ

મોટી કુંકાવાવ

મોટી કુંકાવાવ નિવાસી સ્વ. વિરજીભાઈ ઠાકરશીભાઈ લાખાણીનાં ધર્મપત્ની વજીબેન (ઉં.વ.૮૦), જેઓ મોટી કુંકાવાવના વર્તમાન સરપંચ તથા નિવૃત્ત આર્મીમેન સંજયભાઈ લાખાણી (ફૌજી) તેમજ ઘનશ્યામભાઈના માતા થાય, તેમનું તા.૨૬/૧૧/૨૦૨૬, ગુરુવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૨૮/૧૧/૨૦૨૬, શનિવારના રોજ તેમના નિવાસસ્થાને, ઘનશ્યામનગર, મોટી કુંકાવાવ મુકામે સવારના ૮:૦૦ થી સાંજના ૬:૦૦ વાગ્યા સુધી રાખેલ છે.

જાફરાબાદમાં માલધારી પર હુમલો કરનાર સિંહ પાંજરે પુરાયો

બાબરકોટ એનિમલ કેર સેન્ટરમાં ખસેડાયો

જાફરાબાદ,તા.૨૭

જાફરાબાદ પંથકમાં પશુઓ ચરાવવા ગયેલા આધેડ માલધારી પર સિંહે હુમલો કરતાં સ્થાનિક વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો. ધોળા દિવસે બનેલી આ ઘટનાથી પશુપાલકો અને ગ્રામજનોમાં ચિંતા પ્રસરી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વનવિભાગે હુમલાખોર સિંહને પકડવા માટે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. શેત્રુંજી ડિવિઝનની અલગ-અલગ ટીમો બનાવી સંયુક્ત રીતે રેસ્ક્યૂ ઓપરેશન



તસવીર : બાબુભાઈ વાદેળ

શરૂ કરવામાં આવ્યું હતું. વનવિભાગના કર્મચારીઓએ રિંગ કેચ પાંજરાની મદદથી સિંહને સફળતાપૂર્વક પાંજરે પૂરી લીધો હતો. ત્યારબાદ સિંહને વધુ દેખરેખ અને જરૂરી સારવાર તથા સંભાળ માટે બાબરકોટ એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો હતો. વનવિભાગની ઝડપી કામગીરીથી સ્થાનિક પશુપાલકો અને ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.









:: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર—**એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી),** સરનામુ—પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલીના અમોના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે—બોડીયા ગામે ખેડુત ખાતા નં—૧૨૮ની ખેતીના માલીકો—(૧) ધોરાજીયા ભીખાભાઈ રામજીભાઈ (૨) ધોરાજીયા વજુભાઈ રામજીભાઈના સંયુક્ત નામે સ.નં—૪૦૧ (જુનો સ.નં— ૭૫/૧ પૈકી ૧/ પૈકી ૧), ક્ષેત્ર.હે.આરે.ચોમી.૦—૭૦—૧૫, આકાર-૩.૫૦ વાળી ખેતીની જુની શરતની જમીન આવેલ છે. તે સિવાય રજુ કરેલ ૭/૧૨, ૮અ મુજબ અન્ય કોઈનો બોજો, ગીરો, હક નોંધાયેલ નથી.

ઉપરોકત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માલીક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકારવાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન—૭ (સાત) મા અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામા આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન—૭ (સાત)માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામાં આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણને વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશી.....

એસ.પી.ભડકોલીયા
(એડવોકેટ & નોટરી)
મો.નં.૯૮૯૮૩ ૧૩૮૯૪

સ્થળ:- લીલીયા
તારીખ:- ૨૬/૧૧/૨૦૨૬

તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૧૫૯ / ૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી ચાંદુ ભાભલુભાઈ દાનાભાઈ
સરનામું :- મું. કાતર, તા. રાજુલા, જી. અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :-જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - કાતર
તા. રાજુલા, જી. અમરેલી.

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામા આવે છે કે, **અમરેલી** જિલ્લાનાં **રાજુલા** તાલુકાનાં કાતર મુકામે ના **શ્રી ચાંદુ ભાભલુભાઈ દાનાભાઈ** એ તેમની **પુત્રી નામે શ્રી ચંદાબેન ભાભલુભાઈ ચાંદુ નો** જન્મ તા. **૦૧/૦૬/૧૯૯૦** નાં રોજ **રાજુલા** તાલુકાનાં **કાતર** મુકામે થયેલ છે. જે **જન્મ** અંગેની નોંધ કરાવવા તેમના **વકીલ શ્રી એ.બી.શિયાળ** મારફત અત્રેની કોર્ટમા ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા વિલંબિત નોંધ રજીસ્ટરમા કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાનાં ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રી ની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામા આવશે. જેની નોંધ લેવી.

આજ રોજ તા.૧૫ માહે ૦૭ સને ૨૦૨૬ ના રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

સ્થળ : રાજુલા
તા.૧૫/૦૭/૨૦૨૬



વડિયા અને અમરેલી પંથકમાં વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ

અમરેલી, તા. ૨૭

ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગો અને પાયાની માળખાગત સુવિધાઓને વધુ મજબૂત બનાવવાના હેતુથી વડિયા તાલુકાના બાંટવા દેવળી તેમજ અમરેલી તાલુકાના રાંઢીયા અને કમીગઢ ખાતે વિવિધ વિકાસકાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કાર્યક્રમો યોજાયા હતા. રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે આ વિકાસકાર્યોનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સ્થાનિક આગેવાનો, પદાધિકારીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.માર્ગ અને મકાન વિભાગ-પંચાયત હેઠળ કમીગઢથી જાળીયા વચ્ચે અંદાજે રૂ. ૫ કરોડના ખર્ચે માર્ગના વિકાસકામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ માર્ગનું નિર્માણ પૂર્ણ થયા બાદ આસપાસનાં ગામોના લોકોને



અવરજવરમાં સુવિધા મળશે તેમજ વાહનવ્યવહાર વધુ સરળ બનશે. ગ્રામ્ય વિસ્તારોને જોડતા માર્ગોનું માળખું મજબૂત બનવાથી સ્થાનિક લોકોને રોજિંદા કામકાજ, ખેતી અને અન્ય વ્યવસાયિક



પ્રવૃત્તિઓમાં પણ સરળતા રહેશે. આ ઉપરાંત વડિયા તાલુકાના બાંટવા દેવળી-ચારણિયા માર્ગ પર રૂ. ૪૦ લાખના ખર્ચે નવા માઈનર બ્રિજનું નિર્માણ કરવામાં આવશે. આ કામનું પણ રાજ્યમંત્રીના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. વિકાસકાર્યોની શ્રેણીમાં અમરેલી તાલુકાના રાંઢીયા ગામે રૂ. ૨૫ લાખના ખર્ચે નવનિર્મિત આંગણવાડી કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત રાંઢીયા ગામે સી.સી. રોડના વિકાસકામનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમોમાં તાલુકા અને જિલ્લા પંચાયતના સભ્યો, સ્થાનિક પદાધિકારીઓ, સરપંચો, સંગઠનના હોદ્દેદારો, વહીવટી તંત્રના અધિકારીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ વિકાસકાર્યો શરૂ થતાં સ્થાનિક વિસ્તારોમાં માર્ગ, પરિવહન અને શૈક્ષણિક પાયાની સુવિધાઓમાં વધારો થવાની આશા વ્યક્ત કરવામાં આવી હતી. ગ્રામજનોએ વિકાસકાર્યો બદલ રાજ્ય સરકાર અને રાજ્યમંત્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

બાંટવા દેવળી-ચારણિયા માર્ગ પર રૂ. ૪૦ લાખના ખર્ચે માઈનર બ્રિજ બનશે, રાંઢીયામાં રૂ. ૨૫ લાખના ખર્ચે નિર્મિત આંગણવાડીનું લોકાર્પણ

અમરેલીમાં જીવલેણ હુમલાનો ફરાર આરોપી હથિયાર સાથે ઝડપાયો

અમરેલી,તા.૨૭

અમરેલી સિટી પોલીસે જીવલેણ હુમલાના ગંભીર ગુનામાં છેલ્લા પાંચ મહિનાથી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડ્યો છે. ગત તા. ૧૫ જૂન ૨૦૨૬ના રોજ ફરિયાદી પર લોખંડના પાઈપ અને લાકડી વડે હુમલો કરી માથામાં તથા જમણા પગે ફ્રેક્ચર જેવી ગંભીર ઈજા પહોંચાડવા બદલ ગુનો નોંધાયો હતો. પોલીસે બાતમીના આધારે સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા તાલુકાના મોજીદડ



ગામના ૩૩ વર્ષીય અનિરુધ્ધસિંહ ભગવતસિંહ સોલંકીની ધરપકડ કરી છે. પોલીસે ગુનામાં વપરાયેલું હથિયાર કબજે કરી આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સાવરકુંડલાના વંડા અને લુવારા ગામને રૂ. ૩.૭૮ કરોડનાં વિકાસકાર્યોની ભેટ

સાવરકુંડલા,તા.૨૭

સાવરકુંડલા તાલુકાનાં વંડા અને લુવારા ગામે ધારાસભ્ય મહેશ કસવાલાના હસ્તે કુલ રૂ. ૩.૭૮ કરોડનાં વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વંડા ગામે રૂ. ૨.૫૩ કરોડનાં વિકાસકાર્યો અંતર્ગત રૂ. ૧ કરોડના ખર્ચે સુવિધાપથ રોડ અને રૂ. ૩૨ લાખના ખર્ચે બે આંગણવાડીઓના નિર્માણકાર્યોનું



ખાતમુહૂર્ત કરાયું હતું. જ્યારે રૂ. ૧.૨૧ કરોડના ખર્ચે નવનિર્મિત પ્રાથમિક શાળા ભવનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.બીજી તરફ લુવારા ગામે રૂ. ૧.૨૫ કરોડના ખર્ચે પૂર્ણ થયેલાં વિકાસકાર્યોનું લોકાર્પણ કરાયું હતું. જેમાં રૂ. ૨૫ લાખના ખર્ચે બનેલા ગ્રામ પંચાયત ભવન અને રૂ. ૧ કરોડના ખર્ચે લુવારા-ગોરડકા રોડ પર નિર્મિત પુલનો સમાવેશ થાય છે. આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં પ્રકાશભાઈ પાનસુરીયા ચેરમેન જાહેર બાંધકામ સમિતી જીલ્લા પંચાયત અમરેલી,રજનીભાઈ ડોબરીયા, જી.પં. સદસ્યો ,તાલુકા પંચાયત સદસ્યો,સરપંચો, ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

કોટડાપીઠાના એટ્રોસિટી એક્ટના ગુનામાં ફરાર આરોપીને બાબરા પોલીસે લીલીયાથી ઝડપી પાડ્યો

બાબરા,તા.૨૭

બાબરા પોલીસ સ્ટેશનના કોટડાપીઠા ગામે નોંધાયેલા એટ્રોસિટી એક્ટના ગુનામાં સંડોવાયેલા આરોપીને પોલીસે લીલીયા ખાતેથી ઝડપી પાડ્યો છે. પોલીસે હ્યુમન સોર્સની ચોક્કસ બાતમીના આધારે કોટડાપીઠા ગામના ૩૪ વર્ષીય વનરાજભાઈ વલકુભાઈ બોરીચાની લીલીયાથી ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ



કામગીરીમાં બાબરા પોલીસની ટીમ જોડાઈ હતી.

અમરેલીમાં જય વેલનાથ સમૂહલગ્ન સમિતિ દ્વારા બે તબક્કામાં સર્વજ્ઞાતિ સમૂહલગ્નનું આયોજન

અમરેલી,તા.૨૭

જય વેલનાથ સમૂહલગ્ન સમિતિ, અમરેલી દ્વારા આગામી ૨૯ જાન્યુઆરી, ૨૦૨૭ અને ૧૪ માર્ચ, ૨૦૨૭ના રોજ અમરેલી શહેર ખાતે બે તબક્કામાં ૩૨મા અને ૩૩મા મર્યાદિત સંખ્યાના સર્વજ્ઞાતિ સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમૂહલગ્નમાં ગરીબ, મધ્યમ વર્ગ અને માતા-પિતા વિહોણી દીકરીઓને પ્રથમ અગ્રતા આપવામાં આવશે. સમિતિ દ્વારા વર-કન્યા તથા પરિવારને ઉપયોગી થાય તેવી ૧૫૦ જેટલી જીવનજરૂરી ચીજવસ્તુઓ કરિયાવર રૂપે ભેટ આપવામાં આવશે. સમૂહલગ્નમાં જોડાવા ઈચ્છુક પરિવારોએ સમિતિના અગ્રણીઓ ધીરુભાઈ મકવાણા (૯૮૭૯૨ ૭૭૬૮૪), ભનુભાઈ થળેસા (૯૬૨૪૧ ૩૩૫૦૯) અથવા મુકેશભાઈ સોલંકી (૯૮૨૫૨ ૭૮૭૨૯)નો સંપર્ક કરવો. વધુ માહિતી માટે સમિતિની ઓફિસ નંબર-૧૬, પહેલો માળ, નારણ પ્લાઝા, ભીડભંજન મહાદેવ મંદિર સામે, અમરેલી ખાતે રૂબરૂ સંપર્ક સાધવા જણાવાયું છે.

લીલીયાથી ઈકો કારમાં ૭૦ કિલો ગૌવંશનો જથ્થો લાવ્યા હોવાની ચર્ચા!

અમરેલીમાં જમણવારમાં ગૌમાંસ પીરસાયાથી ખળભળાટ

અમરેલી,તા.૨૭

અમરેલી શહેરમાં ગૌવંશની કતલ અને માંસની હેરાફેરીના મામલે ચકચાર મચી છે. શહેરના એક સામાજિક પ્રસંગના જમણવારમાં ગૌવંશના માંસનો ઉપયોગ થયો હોવાના આક્ષેપને પગલે અમરેલી સિટી પોલીસે ત્રણ વ્યક્તિઓ સામે ગુનો નોંધ્યો છે. પોલીસે પ્રાણી સંરક્ષણ અધિનિયમ, પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ અને ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ ફરિયાદ મુજબ, અમરેલીના મોટા કસ્બાવાડ વિસ્તારમાં આવેલા સિપાઈ જમાતખાના ખાતે દીકરીની સગાઈ અને ભાણિયાના લગ્ન પ્રસંગે જમણવારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગ માટે જીવાપરા વિસ્તારમાં રહેતા મહમદહનીફ રસુલમિયા સૈયદે લીલીયાના અસ્લમ સુલેમાન બાવનકા પાસેથી આશરે ૭૦ કિલો ગૌવંશનું માંસ મંગાવ્યું હોવાનો આક્ષેપ છે.ફરિયાદમાં વધુમાં જણાવ્યા મુજબ, અસ્લમ બાવનકાએ પોતે અથવા અન્ય વ્યક્તિ મારફતે ગૌવંશની કતલ કરાવી ભાડાની ઈકો ગાડીમાં માંસનો જથ્થો અમરેલી પહોંચાડ્યો હતો. જ્યારે ઈરફાન ઉર્ફે ટીડાએ જમણવાર માટે માંસની વાનગી તૈયાર કરી આપી હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મામલે ત્રણેય આરોપીઓ સામે ગુનો નોંધી પોલીસે તપાસ શરૂ કરી છે. હાલ તપાસ અમરેલી સિટી પોલીસ મથકના પીએસઆઈ જે.બી. ત્રિવેદી ચલાવી રહ્યા છે. માંસનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને આ પ્રવૃત્તિમાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે. જોકે, સમગ્ર મામલે પોલીસ તપાસ પૂર્ણ થયા બાદ જ હકીકત સ્પષ્ટ થશે.

ત્રણ લોકો સામે પોલીસે ગૂનો નોંધી પોલીસે તપાસ શરૂ કરી

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૩, તિથિ: પાંચમ
તા.૨૮-૧૧-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૬:૫૩,
સૂર્યાસ્ત-૦૫:૨૩, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પુનર્વસુ

દૈનિક રાશિફળ

તા.૨૮-૧૧-૨૦૨૬ શનિવાર

મેષ: આજે તમે તમારા મિત્રો સાથે લાંબા અંતરની યાત્રા પર જવાનું આયોજન કરી શકો છો. વ્યવસાયમાં અપેક્ષિત સફળતાથી તમે સંતુષ્ટ થશો,

વૃષભ: જો તમે વ્યવસાયમાં નવી યોજનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશો તો તમને નફો મળી શકે છે. તમારા બાળકનો સ્વભાવ જોઈને તમે નિરાશ થઈ શકો છો

મિથુન: વધુ પડતા ગુસ્સાને કારણે પરિવારના સભ્યો સાથે વિવાદ થવાની શક્યતા છે. બપોર પછી નોકરી સંબંધિત કેટલીક સમસ્યાઓનો ઉકેલ આવશે,

કર્ક: આજે તમે તમારા કાર્યમાં મગ્ન રહેશો અને તમારા વિરોધીઓ તરફથી કોઈપણ ટીકા કે અવરોધ હોવા છતાં તે કરતા રહેશો.

સિંહ: આજે તમે મૂંઝવણમાં રહેશો. જો તમારે આજે કોઈ મહત્વપૂર્ણ કાર્ય કરવાનું હોય, તો તે કાર્ય કોઈ વરિષ્ઠ વ્યક્તિ અથવા માતાની સલાહ લીધા પછી જ કરો,

કન્યા: આજે તમારે પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પણ તમારા ગુસ્સા પર કાબૂ રાખવો પડશે અને વાણીમાં સૌમ્યતા જાળવી રાખવી પડશે.

તુલા: આજે કાર્યસ્થળમાં તમારું સ્થાન અને સત્તા વધી શકે છે. આજે સમસ્યાઓનો ઉકેલ શોધવાથી માનસિક શાંતિ મળી શકે છે.

વૃશ્ચિક: આજે કોઈ સરકારી સંસ્થા તરફથી લાંબા ગાળાના લાભની સ્થિતિ સર્જાશે. તમારી કોઈ ભૂલને કારણે સ્વાસ્થ્ય વિકાર થવાની શક્યતા છે.

ધનુ: આજે તમને કોઈ મોટા અધિકારીનો આશીર્વાદ મળશે. તમને તમારા પૈસા મળી શકે છે જે આજે લાંબા સમયથી અટકેલા છે.

મકર: આજે તમારે કાર્યસ્થળ પર તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે, નહીં તો તમારા વરિષ્ઠ લોકો સાથે મતભેદ થઈ શકે છે.

કુંભ: આજે વ્યવસાયમાં પણ એવું વિચારો કે તમારા બંને હાથમાં લાડુ હશે. જો તમે કોઈપણ કામમાં રોકાણ કરવા માંગતા હો,

મીન: આજનો દિવસ અનુકૂળ છે, તમે શારીરિક અને માનસિક રીતે ખુશ રહેશો. જો વિદ્યાર્થીઓએ કોઈ સ્પર્ધામાં ભાગ લીધો હોય, તો તેઓ આજે સફળતા મેળવી શકે છે.

રાજુલાના જૂની કાતર ગામે પરિણીતાને ગળાફાંસો ખાવા મજબૂર કરનારા પતિ સામે ફરિયાદ

અગાસી ઉપર દોરડાથી જીવન ટૂંકાવ્યું હતું

રાજુલા, તા. ૨૭

રાજુલાના જૂની કાતર ગામે એક પરિણીતાએ અગાસી પર દોરડા વડે ગળાફાંસો ખાઈ લીધો હતો. આ બનાવમાં તેના પતિ વિરુધ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ છે. હાલ સુરત રહેતા અને મૂળ જૂની કાતર ગામના ગોવિંદભાઈ ભીખાભાઈ જોગદિયા (ઉં.વ.૪૬) એ રાજુલાના કુંડલિયાળા ગામના હરેશભાઈ લખમણભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, તેમની બહેન દયાબેનને તેના પતિ હરેશભાઈ શારીરિક તથા માનસિક દુ:ખ-ત્રાસ આપતા હતા. જેથી દયાબેને કંટાળી જઈને ભાઈને જાણ કરતા, તેમણે તેમના કુટુંબી ભાઈ મામૈયાભાઈને કુંડલિયાળા ગામે આરોપીને સમજાવવા મોકલ્યા હતા. આરોપીને સમજાવવા છતાં તે માન્યો નહોતો અને દયાબેનના બંને દીકરાઓ તથા ઘરેણાં લઈ લઈને દયાબેનને તેના પિયર મોકલી આપી હતી. દયાબેન તેના બંને દીકરાઓ વગર રહી શકતા નહોતા અને આરોપી હરેશભાઈને દીકરાઓ પરત આપવા માટે ફોન કરી કહેવા છતાં તેણે દીકરાઓ આપ્યા નહોતા.આરોપી હરેશભાઈના દુ:ખ-ત્રાસથી કંટાળી જઈ, પોતાના દીકરાઓ વગર રહી ન શકતા અને આરોપીનો ત્રાસ સહન ન થતા દયાબેને મામૈયાભાઈના ઘરે અગાસી ઉપર દોરડા વડે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આરોપીએ તેમની બહેન દયાબેનને મરવા મજબૂર કરી ગુનો કર્યો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એસ. બી. જાની વધુ તપાસ કરી રહ્યા છે.

જિલ્લામાંથી નશામાં ઝૂમતા ૧૩ શરાબી ઝડપાયા

અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળોએથી નશામાં ઝૂમતા ૧૩ શરાબીઓને ઝડપી પાડ્યા હતા. મિતિયાળા, ડુંગર, મરીન પીપાવાવ, લીલીયા, સાવરકુંડલા, સરંભડા, નાગેશ્રી, હાવતડ અને રાજુલામાંથી મળી કુલ ૧૩ ઈસમો કેફી પીણું પીને ફરતી હાલતમાં મળી આવ્યા હતા. જાફરાબાદમાંથી એક લિટર, સાવરકુંડલામાંથી બે લિટર અને દામનગરમાંથી ચાર લિટર મળી કુલ સાત લિટર પીવાનો દેશી દારૂ ઝડપાયો હતો

બાબરાના મીયા ખીજડીયા ગામેથી યુવતી ભરબપોરે ઘરેથી ચાલી નીકળી

બાબરા, તા. ૨૭

બાબરાના મીયા ખીજડીયા ગામેથી એક યુવતી ભરબપોરે ઘરેથી ચાલી નીકળી હતી. ભીખાભાઈ નાનજીભાઈ ચાવડા (ઉ.વ.૪૭)એ જાહેર કર્યા મુજબ, તેમની દીકરી વસંતીબેન (ઉ.વ.૨૨) બપોરના આશરે બે વાગ્યાથી સાંજના ચાર વાગ્યા દરમિયાન ઘરેથી કોઈને કાંઈ કહ્યા વગર ક્યાંક જતી રહી હતી. બાબરા પોલીસ સ્ટેશનના એ.એસ. આઈ. જયદેવસિંહ ચંદુભા સોલંકી આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

બગસરા પોલીસ સ્ટેશનની વાર્ષિક તપાસણી દરમિયાન

જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે અરજદારો સાથે કર્યો સીધો સંવાદ

'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત છ અરજદારોને મુદ્દામાલ પરત સોંપ્યો

અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતે બગસરા પોલીસ સ્ટેશનની વાર્ષિક તપાસણી દરમિયાન છ અરજદારો સાથે સીધો સંવાદ કરી તેમની રજૂઆતો સાંભળી હતી. 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ



અંતર્ગત અરજદારોને તેમનો મુદ્દામાલ પરત સોંપવામાં આવ્યો હતો. અરજદારોની ફરિયાદ અંગે અત્યાર સુધી થયેલી તપાસ, પોલીસ કાર્યવાહી અને વર્તમાન સ્થિતિની સમીક્ષા કરી સંબંધિત અધિકારીઓને નિષ્પક્ષતા, પારદર્શિતા અને સમયમર્યાદામાં કાયદેસરની કાર્યવાહી કરવા સૂચના આપી હતી. અસામાજિક પ્રવૃત્તિઓ, જમીન-મિલકતના વિવાદો, પારિવારિક પ્રશ્નો અને જાહેરહિતની અરજીઓ અંગે પણ ચર્ચા કરી હતી.વાર્ષિક તપાસણીના ભાગરૂપે સંજય ખરાતે સુડાવડ ગામની મુલાકાત લઈ પ્રાથમિક શાળાના આશરે ૧૫૦ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. બાળકોને ગુડ ટચ અને બેડ ટચ અંગે સમજ આપી જાગૃતિ કેળવવા માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ આંગણવાડીની મુલાકાત લઈ કાર્યકરો અને બાળકો સાથે વાતચીત કરી હતી. ગામમાં મોબાઈલ ફોનથી સંચાલિત સીસીટીવી કેમેરાની કામગીરીનું નિરીક્ષણ પણ કર્યું હતું.

સુડાવડમાં લોકદરબાર યોજાયો

સુડાવડ ગામે યોજાયેલા લોકદરબારમાં ગ્રામજનો સાથે સીધો સંવાદ કરી ગામની વસ્તી, ભૌગોલિક પરિસ્થિતિ, આર્થિક ઉપાર્જનનાં સાધનો, યુવાધનની કાર્યશૈલી અને ધાર્મિક સ્થળો અંગે માહિતી મેળવી હતી. નાગરિકોને ઝડપી અને સંવેદનશીલ પોલીસ સેવા મળે તે માટે માર્ગદર્શન આપ્યું હતું.

તંત્રી લેખ

બાળવિવાહ મુક્ત ભારત : દીકરીના ભવિષ્યની નવી ઉડાન

ભારત વિશ્વની અગ્રણી અર્થવ્યવસ્થાઓમાં સ્થાન મેળવવા ઝડપથી આગળ વધી રહ્યું છે. વિજ્ઞાન, ટેકનોલોજી, શિક્ષણ, રમતગમત અને ઉદ્યોગ ક્ષેત્રે દેશ નવી સિદ્ધિઓ હાંસલ કરી રહ્યો છે. પરંતુ આર્થિક વિકાસની સાથે સામાજિક વિકાસ પણ એટલો જ જરૂરી છે. દેશની દીકરીઓને સમાન અધિકાર, શિક્ષણ અને સુરક્ષિત બાળપણ મળે તે વિના વિકસિત ભારતનું સ્વપ્ન અધૂરું રહી શકે છે. આ દિશામાં બાળવિવાહ મુક્ત ભારત અભિયાનની બીજી વર્ષગાંઠ મહત્ત્વપૂર્ણ અવસર છે. ૨૭ નવેમ્બર ૨૦૨૪ના રોજ શરૂ થયેલા આ રાષ્ટ્રીય અભિયાનનાં બે વર્ષ પૂર્ણ થતાં આજે નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં રાષ્ટ્રીય સ્તરનો કાર્યક્રમ યોજાઈ રહ્યો છે.બાળવિવાહ માત્ર સામાજિક કુપ્રથા નથી, પરંતુ બાળકના અધિકારો અને ભવિષ્ય સાથે જોડાયેલો ગંભીર પ્રશ્ન છે. જે ઉંમરે બાળકોએ અભ્યાસ કરવો, રમવું, પ્રતિભા વિકસાવવી અને જીવનનાં સપનાં જોવાં જોઈએ, તે ઉંમરે લગ્નની જવાબદારી સોંપવી તેમના બાળપણ સાથે અન્યાય છે. ખાસ કરીને દીકરીઓના નાની ઉંમરે લગ્ન થતાં અભ્યાસ અટકી જાય છે, પારિવારિક જવાબદારીઓ વધે છે અને નાની ઉંમરે માતૃત્વના કારણે સ્વાસ્થ્ય પર વિપરીત અસર થઈ શકે છે.રાષ્ટ્રીય કુટુંબ આરોગ્ય સર્વેક્ષણના છઠ્ઠા તબક્કા (૨૦૨૩-૨૪) મુજબ, ૨૦ થી ૨૪ વર્ષની મહિલાઓમાં ૧૮ વર્ષની ઉંમર પહેલાં લગ્ન થયાનું પ્રમાણ ઘટીને ૨૦.૧ ટકા થયું છે, જે અગાઉ ૨૩.૩ ટકા હતું. આ ઘટાડો પ્રગતિ દર્શાવે છે, પરંતુ હજુ પણ દર પાંચમાંથી આશરે એક યુવતીના બાળપણમાં લગ્ન થયાં હોવાની હકીકત ચિંતાજનક છે.બાળવિવાહ અટકાવવા માટે સરકારે ૨૦૦૬માં બાળલગ્ન પ્રતિબંધક કાયદો અમલમાં મૂક્યો હતો. કાયદા મુજબ યુવતીની લગ્નની લઘુત્તમ ઉંમર ૧૮ વર્ષ અને યુવકની ૨૧ વર્ષ છે. તેમ છતાં ગરીબી, અજ્ઞાનતા, જૂની માન્યતાઓ અને સામાજિક દબાણને કારણે કેટલીક જગ્યાએ બાળવિવાહ થાય છે. તેથી કાયદાની સાથે સામાજિક માનસિકતા બદલવી પણ જરૂરી છે.બાળવિવાહ મુક્ત ભારત અભિયાન હેઠળ ૬.૮૫ લાખથી વધુ જાગૃતિ કાર્યક્રમો યોજાયા, ૧૨.૪૭ કરોડથી વધુ લોકો સુધી સંદેશ પહોંચાડાયો અને ૪૨.૦૧ લાખ પ્રતિજ્ઞાઓ નોંધાઈ. અભિયાનમાં સરકાર, ગ્રામ પંચાયતો, સામાજિક સંસ્થાઓ, શિક્ષકો, ધાર્મિક આગેવાનો અને યુવાનોને જોડવામાં આવ્યા છે.ગ્રામ્ય વિસ્તારોમાં બાળવિવાહ અટકાવવા ગ્રામ પંચાયતોની ભૂમિકા મહત્ત્વપૂર્ણ છે. શાળા છોડનારી દીકરીઓને ફરી શિક્ષણ સાથે જોડવી, બાળવિવાહની માહિતી સમયસર તંત્ર સુધી પહોંચાડવી અને દીકરીઓને ઉચ્ચ શિક્ષણ, કૌશલ્ય તાલીમ તથા રોજગારની તક પૂરી પાડવી જરૂરી છે. બાળવિવાહ મુક્ત ભારત પોર્ટલ અને ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈન અંગે પણ વ્યાપક જાગૃતિ લાવવી જોઈએ.અભિયાનનું લક્ષ્ય ૨૦૩૦ સુધીમાં ભારતને બાળવિવાહ મુક્ત બનાવવાનું છે. આ માટે દીકરીને બોજ નહીં, પરંતુ પરિવાર અને રાષ્ટ્રની શક્તિ માનવાની માનસિકતા વિકસાવવી પડશે. બાળવિવાહ અટકાવવું માત્ર મહિલા કલ્યાણનો વિષય નથી, પરંતુ રાષ્ટ્રના સામાજિક અને આર્થિક વિકાસ સાથે જોડાયેલો મુદ્દો છે. દરેક બાળકને બાળપણ જીવવાનો, ભણવાનો અને પોતાના ભવિષ્ય અંગે નિર્ણય લેવાનો અધિકાર મળે ત્યારે જ વિકસિત ભારતનું સ્વપ્ન સાચા અર્થમાં સાકાર થશે.

સવારની ઠંડી, બપોરનો તડકો, બેવડી ઋતુની અસર



ધીમે ધીમે હવે ગુજરાતની ધરતી પર શિયાળાનું આગમન થઈ રહ્યું છે જેને કારણે શરદી ખાંસીને વાયરલ ઇન્ફેક્શનનું જોખમ વધતું જાય છે આ બેવડી ઋતુને કારણે ખેતી ઉપર વિપરીત અસર થઈ રહી છે ઠંડી વધવાની સાથે વાતાવરણમાં જબરો તફાવત આવી રહ્યો છે આગામી સપ્તાહે કડકડતી ઠંડી માટે તૈયાર રહેવાનું છે.

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

ગુજરાતમાં હાલમાં શિયાળાએ ધીમે ધીમે પોતાનો અસલી મિજાજ બતાવવાનું શરૂ કર્યું છે. વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીનો ચમકારો અનુભવાય છે, જ્યારે બપોરે સૂર્યનાં કિરણો ગરમાવો આપે છે. આથી રાજ્યભરમાં મિશ્ર ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. હવામાનમાં થઈ રહેલા આ ફેરફાર વચ્ચે કચ્છનું નલિયા શહેર રાજ્યના સૌથી ઠંડા શહેર તરીકે નોંધાયું છે. ગત શુક્રવારે હવામાન વિભાગે નલિયાને રાજ્યનું સૌથી ઠંડું શહેર જાહેર કર્યું હતું. જોકે, હવે આગામી દિવસોમાં ઠંડીનો પારો કેવો રહે છે તેના પર સૌની નજર છે.કચ્છનું નલિયા શહેર ગુજરાતમાં કડકડતી ઠંડી અને આકરી ગરમી માટે જાણીતું છે. તેની પાછળ ભૌગોલિક સ્થિતિ અને પ્રકૃતિનાં વૈજ્ઞાનિક કારણો જવાબદાર છે. નલિયા દરિયાકાંઠાના પ્રભાવથી પ્રમાણમાં દૂર અને ખુલ્લા મેદાનો તથા રણ વિસ્તારની નજીક આવેલું છે. અહીંની જમીન રેતાળ, સૂકી અને ખુલ્લી હોવાથી દિવસ દરમિયાન સૂર્યનાં કિરણોથી ઝડપથી ગરમ થાય છે, જ્યારે સૂર્યાસ્ત બાદ ગરમી પણ ઝડપથી વાતાવરણમાં વિખેરાઈ જાય છે.હવામાં ભેજનું પ્રમાણ ઓછું હોવાથી ગરમી લાંબા સમય સુધી ટકી શકતી નથી. પરિણામે રાત્રિના સમયે તાપમાનમાં ઝડપથી ઘટાડો થાય છે અને વહેલી સવારે કડકડતી ઠંડીનો અનુભવ થાય છે. ઉત્તર દિશામાંથી આવતા ઠંડા પવનો પણ આ વિસ્તારમાં ઠંડીની તીવ્રતા વધારે છે. બીજી તરફ ઉનાળામાં આ જ સૂકી જમીન અને ખુલ્લું આકાશ તાપમાનમાં વધારો કરે છે. આમ, જમીનનો પ્રકાર, ભેજનું પ્રમાણ, પવનની દિશા અને ભૌગોલિક સ્થિતિ નલિયાના હવામાનને વિશિષ્ટ બનાવે છે.હાલમાં ગુજરાતના ગામડાં અને શહેરોમાં શિયાળાનું સુંદર વાતાવરણ જોવા મળી રહ્યું છે. વહેલી સવારે હવામાં ઠંડક, ખેતરોમાં લીલોતરી ઉપર ઝાકળનાં ટીપાં અને સ્વચ્છ આકાશમાં ઊગતા સૂર્યનાં સોનેરી કિરણો વાતાવરણને મનમોહક બનાવે છે. લોકો ગરમ કપડાં પહેરીને બહાર નીકળે છે. ચાની કીટલીઓ ઉપરથી ઊડતી વરાળ અને ગરમાગરમ ચાની ચુસકી સાથે દિવસની શરૂઆત થતી જોવા મળે છે. વડીલો સવારનો તડકો માણે છે, જ્યારે બાળકો સ્વેટર અને ગરમ ટોપી પહેરીને શાળાએ જતાં જોવા મળે છે.હાલની સ્થિતિમાં સવારે અને રાત્રે ઠંડી વધુ અનુભવાય છે, જ્યારે બપોરે તડકો નીકળતાં ગરમાવો વધે છે. આથી લોકોને દિવસ દરમિયાન બેવડી ઋતુનો અનુભવ થાય છે. સવારે પહેરેલાં ગરમ કપડાં બપોરે ભારે લાગે છે અને સાંજ પડતાં ફરી ઠંડીનો અહેસાસ થવા લાગે છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી દિવસોમાં ઠંડીના પ્રમાણમાં વધઘટ થઈ શકે છે. જોકે, તાપમાન અંગેની ચોક્કસ આગાહી પ્રમાણે જ લોકોએ દિનચર્યા ગોઠવવી જોઈએ. હાલમાં લગ્નસરાની મોસમ પણ પૂરબહારમાં ખીલી છે. શિયાળાની ઠંડીમાં યોજાતા લગ્નપ્રસંગોની મજા કંઈક અલગ જ હોય છે. લગ્નના માંડવામાં રંગબેરંગી વસ્ત્રો પહેરીને આવેલા મહેમાનો, ગરમાગરમ ભોજનની સુગંધ અને પરિવારજનોના હાસ્યથી વાતાવરણ આનંદમય બની જાય છે. વર-કન્યા માટે પણ આ ઋતુ અનુકૂળ રહે છે. મહેમાનો ગરમ વાનગીઓ અને વિવિધ સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણે છે.જોકે, રાત્રિના સમયે ખુલ્લા સ્થળે યોજાતા લગ્નપ્રસંગોમાં બાળકો અને વડીલોને ઠંડીથી બચાવવા જરૂરી છે. ગરમ શાલ, સ્વેટર અને અન્ય ગરમ કપડાં સાથે રાખવા જોઈએ. લગ્નપ્રસંગોમાં મોટી સંખ્યામાં લોકો એકત્ર થતા હોવાથી સ્વચ્છતા જાળવવી અને શરદી-ખાંસી જેવી તકલીફો ધરાવતા લોકોએ સાવચેતી રાખવી પણ જરૂરી છે. શિયાળો સામાજિક મેળાવડાઓ, ભજન-કીર્તન, તાપણાં અને પારિવારિક પ્રસંગો માટે પણ અનુકૂળ ઋતુ છે. આ ઋતુ આપણને એકબીજાની નજીક આવવાની અને જરૂરિયાતમંદોને મદદ કરવાની પ્રેરણા આપે છે. ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને ગરમ કપડાં તથા ગરમ ભોજન પૂરાં પાડવાં એ માનવતાનું ઉત્તમ ઉદાહરણ છે.સવારે ઠંડી, બપોરે ગરમી અને રાત્રે ફરી ઠંડીનો અનુભવ થતો હોવાથી શરીરને વાતાવરણ સાથે અનુકૂળ થવામાં મુશ્કેલી પડી શકે છે. આ ઋતુમાં શરદી, ખાંસી અને વાયરલ ચેપ જેવી સમસ્યાઓનું પ્રમાણ વધી શકે છે. ખાસ કરીને બાળકો, વૃધ્ધો અને શ્વસન સંબંધિત તકલીફ ધરાવતા લોકોએ વિશેષ સાવચેતી રાખવી જોઈએ.વહેલી સવારે ઠંડા પવનમાં બહાર નીકળવાનું ટાળવું અને જરૂર હોય ત્યારે શરીરને પૂરતાં ગરમ કપડાંથી ઢાંકવું જોઈએ. માથું, કાન અને પગને ઠંડીથી બચાવવા જરૂરી છે. પૂરતું પાણી પીવું, પૌષ્ટિક આહાર લેવો, સમયસર જમવું અને પૂરતી ઊંઘ લેવી સ્વાસ્થ્ય માટે હિતાવહ છે. સવારનો હળવો તડકો માણવો પણ લાભદાયક બની શકે છે. હળદરવાળું દૂધ અને આદુ-તુલસીવાળી ચા જેવા ગરમ પીણાં ઘણા લોકોને રાહત આપે છે, પરંતુ કોઈ પણ તકલીફને માત્ર ઘરગથ્થુ ઉપચારના આધારે અવગણવી ન જોઈએ. તાવ લાંબો સમય રહે, શ્વાસ લેવામાં તકલીફ પડે અથવા તબિયત વધુ બગડે તો તબીબી સલાહ લેવી જરૂરી છે.હાલની ઠંડી ખેડૂતો માટે આશીર્વાદરૂપ બની શકે છે. ખાસ કરીને ઉત્તર ગુજરાત અને રાજ્યના અન્ય ખેતી વિસ્તારોમાં ઘઉં, જીરું, રાયડો સહિતના રવિ પાકના વિકાસ માટે અનુકૂળ ઠંડી જરૂરી છે. યોગ્ય તાપમાનમાં પાકનો વિકાસ સારો થાય છે અને દાણાની ગુણવત્તા તથા ઉત્પાદન પર સકારાત્મક અસર થઈ શકે છે. ખાસ કરીને જીરાના પાક માટે ઠંડીનું વાતાવરણ અનુકૂળ ગણાય છે.જોકે, તાપમાનમાં અચાનક વધારો થાય તો પાકના વિકાસ પર વિપરીત અસર થવાની શક્યતા રહે છે. તેથી ખેડૂતોએ હવામાન વિભાગની આગાહી ઉપર નજર રાખવી જોઈએ. પાકની જરૂરિયાત પ્રમાણે જ પિયત આપવું, ખાતરનો યોગ્ય ઉપયોગ કરવો અને રોગચાળાની શક્યતા અંગે સાવચેત રહેવું જોઈએ. ખેતી પ્રકૃતિ સાથે જોડાયેલી પ્રવૃત્તિ છે. ઠંડી, ગરમી અને વરસાદના ફેરફારોને ધ્યાનમાં રાખીને સમયસર નિર્ણય લેવો ખેડૂતો માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. કૃષિ વિભાગ દ્વારા પણ ખેડૂતોને સમયસર માર્ગદર્શન અને હવામાન આધારિત માહિતી પૂરી પાડવી જોઈએ.શિયાળો માત્ર ઠંડીની ઋતુ નથી, પરંતુ પ્રકૃતિની સુંદરતા માણવાની અને પરિવાર સાથે સમય વિતાવવાની તક પણ છે. સવારના ઝાકળનાં ટીપાં, બપોરનો હૂંફાળો તડકો અને રાત્રિની ઠંડક જીવનમાં એક અલગ જ આનંદ આપે છે. લગ્નસરાની મોસમ, ખેડૂતો માટે અનુકૂળ વાતાવરણ અને સામાજિક મેળાવડાઓ શિયાળાને વધુ યાદગાર બનાવે છે.આ ઋતુમાં આપણે બાળકો અને વડીલોની વિશેષ કાળજી રાખીએ, જરૂરિયાતમંદોને ગરમ કપડાં આપીએ અને ખેડૂતોની મહેનતને સન્માન આપીએ. હવામાનના બદલાતા મિજાજને સમજીને પોતાની દિનચર્યા ગોઠવીએ તો શિયાળાની મજા બમણી થઈ શકે છે. પ્રકૃતિની દરેક ઋતુનું પોતાનું આગવું મહત્ત્વ છે. જરૂર છે તેને સમજવાની અને સ્વસ્થ રહીને માણવાની.

શબ્દ સંજોગ-૨૩૦૨



આડી ચાવી :
(૧) કરવા યોગ્ય, કરવાનું (૩)
(૩) અમલ, રાજય (૩)
(૬) વસ્ત્ર (૩)
(૮) હિજરીસનનો બીજો માસ (૩)
(૧૦) પ્રવાસે જવા ઉપડવુ તે (૩)
(૧૨) માલ, મિલકત (૨)
(૧૩) ઈંટો પકવનાર (૪)
(૧૪) નારી (૧)
(૧૫) ચાર તોલો જેટલુ માપ (૨)
(૧૯) દિવસ, વાર (૩)
(૨૧) ખોદતા બહુ રેતી નીકળે એવો કુવો (૩)
(૨૩) એક તંતુવાદ્ય (૩)
(૨૫) જૈન યતિઓ મોં પર બાંધે છે તે લૂગડાનો કકડો (૩)
(૨૭) જઠર, પેટ (૩)
(૨૯) સિંહને આ નામે પણ ઓળખીએ છીએ (૪)
(૩૦) અર્જુનની એક પત્ની (૪)

ઉભી ચાવી :
(૧) જયા રવિ ન પહોંચે ત્યાં આ પહોંચે (૨)
(૨) ગોઠવણ, બંદોબસ્ત (૩)
(૩) ભભકો, દેખાવ (૨)
(૪) ૨૧, નાડી (૨)
(૫) મરજીમાં આવે તેમ વર્તનારુ (૨)
(૭) પરવાનો, પરવાનગી (૩)
(૯) પરિણામ (૨)
(૧૦) પ્રભાવ, સામર્થ્ય (૩)
(૧૧) તાબો, સત્તા (૩)
(૧૬) પંચાતિયો, પંચ (૩)
(૧૮) એક ઝાડ (૨)
(૨૦) મન ખુશ થાય તેવી મજેદાર ગમ્મત (૩)
(૨૧) મકાન ચણતરમાં આ તો જોઈએ જ (૨)
(૨૨) સીમમાં પાણીથી ભરાતો લાંબો ખાડો (૨)
(૨૪) ચળકતુ, જાહેર (૩)
(૨૬) દસ પ્રજાપતિમાંના એક (૩)
(૨૭) પાણીનો કુંડ (૨)
(૨૮) ક્રોધ, મોહ (૨)

શબ્દ સંજોગ-૨૩૦૧ જવાબ

આડી ચાવી: (૧) પલાશ (૪) અજરામર (૮) ગરજ (૧૦) રામણ (૧૧) ભાણી (૧૨) રખે (૧૫) રખપત (૧૭) અજ (૧૮) તીકમ (૨૦) વારસ (૨૧) યક્ષ (૨૨) કપરી (૨૪) બાજ (૨૫) ૨૨તખઅંબ(ખબરઅંતર) (૨૮) વરાન (૩૦) ચાડી (૩૧) અજવાળું. **ઉભી ચાવી:** (૧) લાગણી (૩) શર (૫) જરા (૬) રામગ્રી (૭) મણ (૯) જરખ (૧૧) ભારતીય (૧૩) ખેપ (૧૪) નિજ (૧૫) રમ (૧૬) તવારીખ (૧૭) અસબાબ (૧૯) કક્ષ (૨૨) કરચલી (૨૩) પતન (૨૫) રવ (૨૬) અંદાજ (૨૭) ત્વચા (૨૯) નાળુ.

સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

રાજકોટ

કપાસ બી.ટી.	૧૭૭૦	૧૯૧૦
ઘઉં લોકવન	૫૬૦	૬૪૫
ઘઉં ટુકડા	૫૬૬	૬૭૫
જુવાર સફેદ	૧૧૦૦	૧૪૪૦
જુવાર પીળી	૪૫૦	૫૫૦
બાજરી	૪૨૮	૫૪૬
મકાઇ	૪૫૦	૬૦૦
તુવેર	૧૪૫૦	૨૦૮૦
ચણા પીળા	૧૪૫૦	૧૫૨૫
ચણા સફેદ	૧૬૬૦	૨૩૦૦
અડદ	૧૫૨૫	૧૯૮૮
મગ	૧૪૧૦	૧૭૫૮
વાલ દેશી	૪૨૫	૧૬૬૨
વાલ પાપડી	૪૮૫	૨૦૦૪
ચોળી	૬૮૫	૨૦૪૦
મઠ	૧૭૮૦	૨૫૯૦
વટાણા	૪૫૪	૯૬૦
કળથી	૬૩૦	૧૫૩૯
રાજમા	૧૬૦૦	૨૫૬૧
સીંગદાણા	૧૮૫૫	૨૧૪૦
મગફળી જાડી	૧૨૨૧	૧૩૪૧
મગફળી જીણી	૧૨૫૦	૧૬૬૦
તલી	૨૮૪૬	૩૪૦૧
એરંડા	૧૪૧૦	૧૫૪૪
અજમો	૧૫૦૦	૪૦૦૦
સુવા	૮૦૧	૧૬૯૫
સોયાબીન	૧૪૦૦	૧૫૩૦
સીંગફાડા	૧૬૭૦	૨૦૩૫
કાળા તલ	૨૬૫૦	૪૦૦૦
લસણ	૧૨૧૦	૨૫૦૦
ધાણા	૨૭૪૦	૩૦૧૫
મરચા સુકા	૩૨૦૦	૬૦૫૦
ધાણી	૨૮૦૦	૩૦૫૦
વરીયાળી	૨૫૬૧	૨૮૩૦
જીરૂ	૪૭૫૦	૫૧૦૦
રાય	૧૭૨૫	૧૮૪૮
મેથી	૧૨૭૫	૧૮૭૫
ઇસબગુલ	૨૭૨૭	૩૧૫૦
અજમો	૧૫૨૭	૧૫૨૭
કલોંજી	૪૮૫૦	૫૦૯૯
રાયડો	૧૪૭૫	૧૮૨૩
રજકાનું બી	૪૯૦૦	૭૧૭૦
ગુવારનું બી	૧૪૫૦	૧૬૫૦

રાજકોટ (શાકભાજી)

લીંબુ	૬૨૧	૧૨૩૨
પપૈયા	૧૫૮	૨૨૧
બટેટા	૭૪	૨૭૭
ડુંગળી સુકી	૧૬૫	૭૨૫
ટમેટા	૧૯૮	૫૦૬
સુરણ	૪૮૮	૬૧૩
કોથમરી	૬૨૪	૮૨૧
મુળા	૨૧૪	૩૫૩
રીંગણા	૧૬૪	૪૪૨
કોબીજ	૨૬	૫૭
ફલાવર	૧૪૩	૨૮૪
ભીંડો	૬૧૪	૧૦૧૯
ગુવાર	૭૯૧	૧૨૨૬
ચોળાસીંગ	૫૯૫	૧૦૧૧
વાલોળ	૪૪૬	૭૯૧
ટીંડોરા	૨૫૯	૭૫૩
દુધી	૩૧૩	૪૫૬
કારેલા	૩૦૧	૫૧૧
સરગવો	૫૬૪	૧૧૨૧
તુરીયા	૭૧૬	૯૮૯
પરવર	૬૦૩	૯૧૩
કાકડી	૫૦૫	૯૧૯
ગાજર	૩૨૬	૬૫૬
વટાણા	૭૯૬	૯૨૭
તુવેરસીંગ	૪૮૬	૭૩૩
ગલકા	૩૮૭	૬૦૨
બીટ	૧૧૦	૩૦૭
મેથી	૩૧૪	૫૦૬
વાલ	૬૨૩	૧૧૦૯
ડુંગળી લીલી	૨૯૬	૫૧૪
આદુ	૧૦૦૮	૧૩૨૬
ચણા લીલા	૩૪૬	૯૩૨
મરચા લીલા	૨૫૭	૫૧૭
હળદર લીલી	૩૮૯	૬૦૩
લસણ લીલું	૩૩૦૧	૪૮૨૬
મકાઇ લીલી	૨૬૪	૩૩૬

ગોંડલ

ઘઉં લોકવન	૫૭૪	૫૯૦
ઘઉં ટુકડા	૫૫૦	૬૪૨
સિંગ ફાડીયા	૯૦૧	૨૦૭૧
એરંડા / એરંડી	૧૦૫૧	૧૫૫૬
જીરૂ	૨૧૫૧	૫૧૯૧
ક્લંજી	૧૮૦૧	૪૯૫૧
ધાણા	૨૮૦૧	૩૦૭૧
અડદ	૧૨૦૦	૧૯૩૧
મઠ	૧૮૭૬	૧૯૦૧
તુવેર	૫૦૦	૧૯૪૧
રાયડો	૧૩૦૧	૧૩૦૧
રાય	૧૩૦૦	૧૭૩૧
મેથી	૧૩૦૦	૧૫૫૧
કાંગ	૧૦૦૦	૧૦૦૦
સુરજમુખી	૧૪૫૧	૧૪૫૧
તલ - તલી	૨૬૦૦	૩૨૫૧
ધાણી	૨૯૦૧	૩૨૨૧
ડુંગળી સફેદ	૨૫૧	૩૯૧
બાજરો	૫૨૧	૫૮૧
જુવાર	૧૨૦૦	૧૭૦૦
મકાઇ	૬૫૧	૬૫૧
મગ	૬૭૧	૧૮૬૧
વાલ	૧૩૫૧	૧૬૫૧
ચોળા / ચોળી	૭૦૦	૧૮૨૬
સોયાબીન	૧૨૫૧	૧૫૩૧
ગોગળી	૭૦૧	૧૩૭૧
વટાણા	૪૦૦	૯૨૧

ગોંડલ (શાકભાજી)

ટમેટા	૧૮૦	૫૦૦
મરચા	૨૦૦	૮૦૦
ગુવાર	૧૮૦	૧૪૦૦
કોબી	૨૦	૧૨૦
દુધી	૧૮૦	૬૦૦
ફલાવર	૨૦	૨૦૦
કાકડી	૨૦૦	૧૧૦૦
રીંગણા	૧૦૦	૬૦૦
ભીંડો	૨૦૦	૧૧૦૦
ગલકા	૨૦૦	૮૦૦
ગાજર	૨૦૦	૮૦૦
ટિંડોરા	૨૦૦	૬૦૦
તુવેર	૨૦૦	૧૦૦૦
વાલ	૨૦૦	૧૪૦૦
વટાણા	૨૦૦	૧૨૦૦
શક્કરીયા	૨૦૦	૮૦૦

કેરી કાચી	૨૨૦૦	૪૦૦૦
બટેટા	૧૦૦	૨૪૦
અંબાળા	૨૦૦	૬૦૦
લીલી હળદર	૩૦૦	૮૦૦
ડુંગળી પુરા	૫	૧૫
કોથમીર પુરા	૧	૭
મુળા પુરા	૩	૧૫
ફોદીનો પુરા	૩	૧૦
ચૂરણ	૨૦૦	૧૦૦૦
પરવર	૧૦૦૦	૧૨૦૦
ઘીસોડા	૨૦૦	૧૨૦૦
લીંબુ	૨૦૦	૧૨૦૦
મેથી પુરા	૧	૭
બીટ પુરા	૧૦	૨૦
સરગવો પુરા	૧૫	૨૦
ચોરા	૨૦૦	૯૦૦
કારેલા	૨૦૦	૬૦૦
વાલોળ	૨૦૦	૬૦૦
કાચા પોપૈયા	૪૦	૨૦૦
આદુ	૨૦૦	૧૪૦૦
કૃણશી	૧૦૦૦	૧૬૦૦
મકાઇ ડોડા	૧૮૦	૪૦૦
લસણ પુરા	૧૦	૩૦
પાલક પુરા	૨	૬

અમરેલી

શિંગ મઠડી	૧૨૨૫	૧૫૨૦
ગીરનાર શિંગ	૧૦૦૦	૧૫૫૦
શિંગ મોટી	૧૦૮૦	૧૬૫૦
શિંગદાણા	૧૨૦૦	૨૦૪૦
તલ સફેદ	૨૧૦૦	૩૬૪૫
તલ કાળા	૨૪૦૦	૩૯૩૫
તલ કાશમીરી	૩૦૦૫	૩૦૫૦
બાજરો	૩૮૫	૬૩૫
જુવાર	૬૯૦	૧૪૦૦
ઘઉં ટુકડા	૫૫૦	૭૬૫
ઘઉં લોકવન	૫૧૫	૬૫૦
મકાઈ	૬૩૫	૭૬૫
મગ	૧૮૮૦	૧૮૮૦
અડદ	૧૨૫૦	૧૮૧૫
ચણા	૧૧૫૦	૧૫૩૦
સફેદ ચણા	૧૩૩૦	૧૪૩૦
છોલે ચણા	૧૫૩૦	૧૭૪૦
સફેદ ચણા	૧૩૩૦	૧૪૩૦
છોલે ચણા	૧૫૩૦	૧૭૪૦
વટાણા	૮૧૦	૮૧૦
તુવેર	૯૫૦	૧૮૪૫
કપાસ	૧૦૯૦	૧૯૩૦
એરંડા	૧૫૦૦	૧૫૪૦
જીરૂ	૩૬૦૦	૪૭૯૫
રાય	૧૫૩૦	૧૭૦૦
ધાણી	૨૨૦૦	૩૧૨૫
સોયાબીન	૧૧૨૦	૧૪૯૦
મરચા લાંબા	૨૮૦૦	૫૩૬૦

અમરેલી (શાકભાજી)

બટેટા	૧૩૦	૨૭૦
રીંગણા	૨૦૦	૫૦૦
ફલાવર	૧૫૦	૨૦૦
કોબીજ	૯૦	૧૬૦
શક્કરીયા	૮૦૦	૯૦૦
ટમેટાં	૮૦૦	૯૦૦
સુરણ	૯૩૦	૧૦૨૦
ગાજર	૬૦૦	૮૦૦
દુધી	૪૦૦	૫૦૦

કારેલા	૫૦૦	૬૦૦
ગલકા	૬૦૦	૭૦૦
મુળા	૩૦૦	૩૯૦
કાકડી	૪૦૦	૭૮૦
ગુવાર	૪૦૦	૮૦૦
વાલોળ	૪૮૦	૬૩૦
વટાણા	૧૦૦૦	૧૧૪૦
ચોળા લીલા	૫૦૦	૬૦૦
તુરીયા	૧૦૦૦	૧૨૦૦
લીલી તુવેર	૬૫૦	૮૦૦
વાલ	૯૦૦	૧૦૦૦
ભીંડો	૬૦૦	૭૦૦
હળદર લીલી	૭૦૦	૮૫૦
આદુ	૧૧૦૦	૧૨૦૦
કોથમીર	૬૦૦	૮૩૦
મેથીભાજી	૪૦૦	૫૮૦
ફોદીનો	૭૭૦	૮૬૦
ટીંડોરા	૫૨૦	૬૩૦
બીટ	૫૦૦	૬૨૦
સરગવો	૬૦૦	૮૦૦
લીમડો મીઠો	૧૭૦	૧૯૦
મરચાં લીલા	૪૦૦	૭૦૦
મરચા લાલ	૫૦૦	૧૨૦૦
ડુંગળી લીલી	૪૧૦	૪૫૦
ડુંગળી સુકી	૧૬૦	૮૦૦
લસણ લીલું	૩૦૦૦	૩૫૦૦
લસણ સુકું	૧૨૫૦	૨૭૦૦
પાલક	૫૦૦	૬૦૦
લીંબુ	૮૨૦	૯૫૦
મકાઈ	૩૪૦	૪૫૦

સાવરકુંડલા

શીંગ જીણી	૧૩૦૦	૧૬૫૦
શીંગ મોટી	૧૩૫૦	૧૬૭૦
તલ સફેદ	૨૫૦૦	૩૧૫૦
તલ કાળા	૩૨૦૦	૪૦૮૬
જીરૂ	૪૭૦૦	૪૯૦૫
કપાસ	૧૮૫૦	૧૯૧૫
ઘઉં લોકવન	૫૫૦	૬૧૧
ઘઉં ટુકડા	૫૯૦	૬૫૦
બાજરો	૪૦૦	૫૯૧
જુવાર	૧૨૫૦	૧૬૩૦
મગ	----	૨૨૮૦
અડદ	૧૩૦૦	૧૮૦૦
ચણા	૧૨૨૦	૧૫૦૦
તુવેર	૧૪૫૦	૧૬૯૨
એરંડી	૧૨૫૦	૧૫૦૦
મેથી	૧૦૦૦	૧૩૯૦
ધાણા	૧૮૫૦	૩૨૦૦
સોયાબીન	૧૩૮૦	૧૪૮૧

ધારી

કપાસ A	૧૨૪૪	૧૯૦૫
મગફળી	૧૦૦૦	૧૫

ઉના તાલુકાના દેલવાડામાં દીપડાએ ફાર્મ હાઉસમાં ઘૂસી ૮૦ મરઘાંનો શિકાર કર્યો

ઉના, તા. ૨૭

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના દેલવાડા ગામમાં દીપડાએ આતંક મચાવ્યો હોવાની ઘટના સામે આવી છે. રાત્રિના સમયે એક દીપડો ફાર્મ હાઉસમાં ઘૂસી ગયો હતો અને ત્યાં રાખવામાં આવેલા અંદાજે ૮૦ દેશી મરઘાંનો શિકાર કરી મોતને ઘાટ ઉતાર્યા હતા. સવારે ફાર્મ હાઉસના માલિકને મરઘાં મૃત હાલતમાં મળી આવતાં ભારે ચકચાર મચી ગઈ હતી. આ ઘટનાને પગલે માલિકને


તસવીર : કૈલાશ ભટ્ટ

મોટું આર્થિક નુકસાન થયું છે.પ્રાપ્ત વિગતો મુજબ દેલવાડા ગામે બાંભણીયા લખમણ મશરીભાઈના ફાર્મ હાઉસમાં રાત્રિના સમયે દીપડો ઘૂસી આવ્યો હતો. દીપડાએ એક પછી એક મરઘાંનો શિકાર કર્યો હતો અને ત્યારબાદ ત્યાંથી ચાલ્યો ગયો હતો. ઘટનાની જાણ થતાં માલિકે થયેલા નુકસાન અંગે ફરિયાદ કરી હતી.દેલવાડા સહિત આસપાસના વિસ્તારોમાં દીપડાની અવરજવર વધતી હોવાની ચિંતાથી ગ્રામજનોમાં ભયનો માહોલ છે. ખાસ કરીને ખેતરો અને ફાર્મ હાઉસમાં રહેતા લોકો પોતાના પશુધન અને પાલતુ પ્રાણીઓની સુરક્ષાને લઈને ચિંતિત બન્યા છે. ગ્રામજનોએ વન વિભાગ તાત્કાલિક સ્થળ તપાસ કરે, દીપડાની અવરજવર અંગે માહિતી મેળવે અને તેને પકડવા માટે યોગ્ય સ્થળે પાંજરું ગોઠવે તેવી માંગ ઉઠાવી છે.

અમરેલી જિલ્લામાં ૩૭૧ વિદ્યાસહાયકોની ભરતી માટે શાળા પસંદગી કેમ્પ યોજાયો

અમરેલી,તા.૨૭

અમરેલી જિલ્લામાં શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાસહાયક ભરતી-૨૦૨૬ અંતર્ગત ધોરણ ૧થી ૫ના ગુજરાતી માધ્યમના કુલ ૩૭૧ ઉમેદવારો માટે શાળા સ્થળ પસંદગી કેમ્પ યોજાયો હતો. જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા અમરેલીની કે.કે. પારેખ અને આર.પી. મહેતા વિદ્યાલય ખાતે યોજાયેલા કેમ્પમાં જિલ્લા વિકાસ અધિકારી રાજેન્દ્રકુમાર



મૌર્યના હસ્તે પ્રતીકરૂપે વિદ્યાસહાયકોને નિમણૂક હુકમો એનાયત કરવામાં આવ્યા હતા. કુલ ૩૭૧ ઉમેદવારોમાંથી ૩૬૯ ઉમેદવારોએ શાળાની પસંદગી કરી નિમણૂક હુકમ મેળવ્યા હતા, જ્યારે એક ઉમેદવારે અસંમતિ દર્શાવી હતી અને એક ઉમેદવાર ગેરહાજર રહ્યો હતો. કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન સંજયભાઈ તારપરા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કે.વી. મિયાણી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ, બીઆરસી, શિક્ષક સંઘોના પ્રતિનિધિઓ તથા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. આભારવિધિ એમ.જી. સોલંકીએ કરી હતી અને સંચાલન રાજેશકુમાર પાનસુરિયાએ કર્યું હતું. તેમ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની યાદીમાં જણાવાઈ છે.

કોડીનાર શહેરમાં ૩૦ નવેમ્બરથી શિવમહાપુરાણ કથાનો થશે પ્રારંભ

કોડીનાર,તા.૨૭

કોડીનાર શહેરમાં સત્ય સનાતન ધર્મ સંસ્થાન કોડીનાર શહેર મહિલા મંડળ દ્વારા આગામી તા. ૩૦ નવેમ્બરથી ૮ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી ભવ્ય શિવમહાપુરાણ કથા મહોત્સવનું આયોજન કરાયું છે. મહોત્સવનો પ્રારંભ ૩૦ નવેમ્બરના રોજ બપોરે ૧ વાગ્યે સોમનાથ મહાદેવ મંદિરેથી નીકળનારી ભવ્ય કળશયાત્રાથી થશે. ડીજે, બેન્ડવાજા અને ઢોલ-નગારાં સાથે નીકળનારી યાત્રા જંગલેશ્વર મહાદેવ મંદિર ખાતે પહોંચશે. અહીં દરરોજ બપોરે ૨:૩૦થી સાંજે ૫:૩૦ કલાક સુધી કથાકાર ગોસ્વામી દિલીપભારથી શિવમહાપુરાણની કથા સંભળાવશે. નવ દિવસ દરમિયાન ભગવાન શિવના વિવિધ ધાર્મિક પ્રસંગોનું વર્ણન કરવામાં આવશે. કથાના અંતે મહાઆરતી અને પ્રસાદનું આયોજન પણ કરાયું છે. આયોજકોએ ધર્મપ્રેમી ભક્તોને ઉપસ્થિત રહી ધર્મલાભ લેવા આમંત્રણ પાઠવ્યું છે.

અમદાવાદમાં સ્વામિનારાયણ ગુરુકુલ શાંતિગ્રામ ખાતે સત્સંગી જીવન કથાપારાયણનો પ્રારંભ

અમદાવાદ, તા. ૨૭

અમદાવાદ ના સ્વામિનારાયણ ગુરુકુલ શાંતિગ્રામ દ્વારા તા. ૨૫થી ૨૯ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન પાંચ દિવસીય સત્સંગિજીવન કથાપારાયણનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક આયોજનના પ્રથમ દિવસે ભવ્ય શોભાયાત્રા અને જલયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં



હરિભક્તો, સંતો અને ભાવિકો જોડાયા હતા. ભક્તિભાવ અને ઉત્સાહભર્યા વાતાવરણમાં યોજાયેલી શોભાયાત્રામાં ધાર્મિક પરંપરા અને સંસ્કૃતિની સુંદર ઝાંખી જોવા મળી હતી. જલયાત્રા દરમિયાન ભક્તોએ શ્રદ્ધાપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર ગુરુકુલ પરિસરમાં ભક્તિમય માહોલ છવાયો હતો. પાંચ દિવસ દરમિયાન સત્સંગિજીવન કથાના માધ્યમથી ભાવિકોને ધાર્મિક જ્ઞાન, સંસ્કાર અને ભક્તિનો લાભ મળશે. આ આયોજનને સફળ બનાવવા ગુરુકુલના સંતો, સેવકો અને કાર્યકરો દ્વારા વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

રાજ્યની ગ્રામ પંચાયતોની મતદારયાદીની ૨૭ નવેમ્બરે થનારી આખરી પ્રસિદ્ધિ હાલ મુલતવી

રાજ્ય ચૂંટણી આયોગે વહીવટી કારણોસર નિર્ણય લીધો

ગાંધીનગર,તા.૨૭

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આગામી સમયમાં ગ્રામ પંચાયતોની સામાન્ય, વિભાજન, મધ્યસત્ર અને પેટા ચૂંટણી યોજવામાં આવનાર છે. આ માટે ૧-૧-૨૦૨૬, ૧-૪-૨૦૨૬, ૧-૭-૨૦૨૬ અને ૧-૧૦-૨૦૨૬ની લાયકાતની તારીખની સ્થિતિએ વિધાનસભાની પ્રસિદ્ધ મતદારયાદી તેમજ સતત સુધારણા દરમિયાન અપડેટ થયેલી યાદીના આધારે મતદારયાદી તૈયાર કરવાનો કાર્યક્રમ ૭ નવેમ્બર, ૨૦૨૬ના આદેશથી જાહેર કરાયો હતો. આ કાર્યક્રમ મુજબ મતદારયાદીની આખરી પ્રસિદ્ધિ ૨૭ નવેમ્બર, ૨૦૨૬ના રોજ કરવાની હતી, પરંતુ વહીવટી કારણોસર તે હાલ મુલતવી રાખવામાં આવી છે. આ અંગે આયોગના સચિવ એન. કે. ડામોરે અખબારી યાદી જાહેર કરી છે.

ધોરાજીના ઐતિહાસિક ત્રણ દરવાજાના ઉપરના ભાગે આગ લાગતાં દોડધામ

ધોરાજી,તા.૨૭

ધોરાજીમાં ઐતિહાસિક ધરોહર સમાન ગોંડલ બાપુના સમયના એન્ટિક અને નગરપાલિકા સંચાલિત ત્રણ દરવાજાના ઉપરના ભાગે અચાનક આગ લાગવાની ઘટના બની હતી. આગ લાગતાં આસપાસના લોકોમાં આશ્ચર્ય


તસવીર : નયન કુહાડીયા

સાથે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં ધોરાજી નગરપાલિકાના ફાયર ફાઈટરને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી. ફાયર ફાઈટરની ટીમે સ્થળ પર પહોંચી આગ પર કાબૂ મેળવી લીધો હતો. આ દરમિયાન સ્થાનિક પોલીસ સ્ટેશનના અધિકારીઓ પણ ઘટનાસ્થળે હાજર રહ્યા હતા. જોકે, આગ કયા કારણોસર લાગી તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટ માહિતી સામે આવી નથી.

દ્વારકામાં કલ્યાણી પરિવાર દ્વારા શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન

દ્વારકા,તા.૨૭

દેવભૂમિ દ્વારકા ખાતે નાગેશ્વર રોડ પર રેલવે ક્રોસિંગ પાસે આવેલા સ્વામિનારાયણ ભક્તિધામમાં જામનગરના કલ્યાણી પરિવાર દ્વારા ૨૬ નવેમ્બરથી ૨ ડિસેમ્બર દરમિયાન સાત દિવસીય શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરાયું છે. કથાકાર શાસ્ત્રીજી મહેશભાઈ જોષી દરરોજ સવારે ૮:૩૦થી ૧૨:૩૦ અને બપોરે ૩:૩૦થી કથા કરશે. ૨૬ નવેમ્બરે પોથીયાત્રા બાદ મહોત્સવ શરૂ થશે, જેમાં ૨૮ નવેમ્બરે નૃસિંહ અવતાર, ૨૯ નવેમ્બરે વામન, રામ અને કૃષ્ણ



જન્મ, ૩૦ નવેમ્બરે ગોવર્ધન મહોત્સવ, ૧ ડિસેમ્બરે રુક્મિણી વિવાહ અને ૨ ડિસેમ્બરે સુદામા ચરિત્ર, પરીક્ષિત મોક્ષ, હુડી વાચન તથા બપોરે ૨:૩૦ વાગ્યે વિષ્ણુયાગ સાથે પૂર્ણાહુતિ થશે. કલ્યાણી પરિવારના આયોજન માટે મનોજભાઈ કનૈયાએ ધર્મપ્રેમી જનતાને આમંત્રણ પાઠવ્યું છે.

મહે. જાફરાબાદના જ્યુ.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં, મું.જાફરાબાદ

ફો.પ.અ.નં.૧૮૮/૨૦૨૬
મુદત તા.૦૬/૦૧/૨૦૨૭

અરજદાર: મકવાણા લસુબેન નારણભાઈ
રહે.રોહિસા, તા. જાફરાબાદ, જી. અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા: જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી/ત.ક.મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, રોહિસા, તા.જાફરાબાદ, જી.અમરેલી.

અરજદારનાં.વિ.વકીલશ્રી: નરેશભાઈ મોડાસીયા

જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદારે તેમના સાસુ **મકવાણા ડાઈબેન સીદીભાઈનાઓનુ** અવસાન **તા.૧૦/૧૨/૧૯૯૧** ના રોજ મોજે ગામ: રોહિસા, તા.જાફરાબાદ મુકામે થયેલ અને તેની જન્મ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનીયમની કલમ- ૧૩(૩) મુજબ હાલની અરજ કરેલ છે. જેથી અરજદારની માંગણી મુજબ તેઓના સાસુની મરણ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનું કારણ દર્શાવવા **મુદત તા.૦૬/૦૧/૨૦૨૭** ના રોજ કલાક **૧૦:૩૦** વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે. આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યક્તિ, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૫ મી, માહે નવેમ્બર, સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યું

તૈયાર કરનાર સહી, (રાકેશ એચ.વાજા) આસીસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી, (વી.જે.પરમાર) આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | હુકમથી, સહી, (એચ.એ.પરમાર) ઈ.ચા.રજીસ્ટ્રાર, જાફરાબાદ

મહે. જાફરાબાદના જ્યુ.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં, મું.જાફરાબાદ

ફો.પ.અ.નં.૧૮૫/૨૦૨૬
મુદત તા.૦૬/૦૧/૨૦૨૭

અરજદાર: માધાભાઈ સાદુરભાઈ સોલંકી
રહે.રોહિસા, તા. જાફરાબાદ, જી. અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા: જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી/ત.ક.મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, રોહિસા, તા.જાફરાબાદ, જી.અમરેલી.

અરજદારનાં.વિ.વકીલશ્રી: નરેશભાઈ મોડાસીયા

જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદારે તેમની દાદી **મોંઘીબેન કાળાભાઈ સોલંકીનાઓનુ** અવસાન **તા.૧૫/૦૫/૧૯૬૦** ના રોજ મોજે ગામ: રોહિસા, તા.જાફરાબાદ મુકામે થયેલ અને તેની જન્મ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનીયમની કલમ- ૧૩(૩) મુજબ હાલની અરજ કરેલ છે. જેથી અરજદારની માંગણી મુજબ તેઓના દાદીની મરણ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનું કારણ દર્શાવવા **મુદત તા.૦૬/૦૧/૨૦૨૭** ના રોજ કલાક **૧૦:૩૦** વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે. આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યક્તિ, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૫ મી, માહે નવેમ્બર, સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યું

તૈયાર કરનાર સહી, (રાકેશ એચ.વાજા) આસીસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી, (વી.જે.પરમાર) આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | હુકમથી, સહી, (એચ.એ.પરમાર) ઈ.ચા.રજીસ્ટ્રાર, જાફરાબાદ

CHANGE OF NAME

I Undersign JIGNASHABEN TUSHARBHAI GAJERA have changed my name from JIGNASHA TUSHARBHAI To JIGNASHABEN TUSHARBHAI (New) Now i will be known as JIGNASHABEN TUSHARBHAI (new)
Sign : JIGNASHABEN TUSHARBHAI
Address: D75 GCW TOWNSHIP ULTRATECH CEMENT LTD KOVAYA, AT-KOVAYA, AMRELI GUJARAT-365541

CHANGE OF NAME

I Undersign TUSHAR HIMMATLAL GAJERA have changed my name from TUSHARKUMAR HIMMATLAL GAJERA To TUSHAR HIMMATLAL GAJERA (New) Now i will be known as TUSHAR HIMMATLAL GAJERA (new)
Sign : TUSHAR HIMMATLAL GAJERA
Address: D75 GCW TOWNSHIP ULTRATECH CEMENT LTD KOVAYA, AT-KOVAYA, AMRELI GUJARAT-365541

જાફરાબાદના મહે. જ્યુ.મેજી.ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું.જાફરાબાદ

ફો.પ.અ.નં.૧૮૨/૨૦૨૬
મુદત તા.૦૬/૦૧/૨૦૨૭

અરજદાર: મંગુબેન રામજીભાઈ રાઠોડ
રહે.ધારાબંદર, તા. જાફરાબાદ, જી. અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા: જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી-વ-
શ્રી તલાટી કમ મંત્રીશ્રી, ધારાબંદર ગ્રામ પંચાયત કચેરી
મું. ધારાબંદર,તા.જાફરાબાદ, જી.અમરેલી.

અરજદારનાં.વિ.વકીલશ્રી: નરેશભાઈ એલ.મોડાસીયા

જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદારની પુત્રી **લસમબેન રામજીભાઈ રાઠોડનાઓનો** જન્મ **તા.૦૬/૦૮/૨૦૦૩** ના રોજ મોજે ગામ: ધારાબંદર, તા.જાફરાબાદ મુકામે થયેલ અને તેની જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનીયમની કલમ- ૧૩(૩) મુજબ હાલની અરજ કરેલ છે. જેથી અરજદારની માંગણી મુજબ તેઓના પુત્રીની જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનું કારણ દર્શાવવા **મુદત તા.૦૬/૦૧/૨૦૨૭** ના રોજ કલાક **૧૦:૩૦** વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે. આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યક્તિ, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૫ મી, માહે નવેમ્બર, સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યું

તૈયાર કરનાર સહી, (રાકેશ એચ.વાજા) આસીસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી, (વી.જે.પરમાર) આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | હુકમથી, સહી, (એચ.એ.પરમાર) ઈ.ચા.રજીસ્ટ્રાર, જાફરાબાદ

લાઠીના મહે. જયુ.મેજી.ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું.લાઠી

ફો.પ.અ.નં. ૧૮૮/૨૦૨૬
મુદત તા.૨૩/૧૨/૨૦૨૬

અરજદાર :- **સુરેખાબેન હરેશભાઈ કુંડારીયા**
રહે.મતીરાળા, તા.લાઠી, જી.અમરેલી
- //વિરૂધ્ધ//-

સામાવાળા :- જન્મ- મરણ નોંધણી અધિકારીશ્રી-વ-
શ્રી તલાટી કમ મંત્રીશ્રી, મતીરાળા ગ્રામ પંચાયત કચેરી,
મુ.મતીરાળા, તા.લાઠી, જી.અમરેલી.
અરજદારના વિ.વકીલશ્રી:એચ.એન.ડેર

-// જાહેર નોટીસ //-

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર સુરેખાબેન હરેશભાઈ કુંડારીયા તેમના પુત્ર ભવ્ય હરેશભાઈ કુંડાળીયાનાઓનુ જન્મ તા.૨૫/૦૩/૨૦૧૧ ના રોજ મોજે ગામ:મતીરાળા, તા.લાઠી મુકામે થયેલ અને તેની જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનીયમની કલમ-૧૩(૩)(એ) મુજબ હાલની અરજ કરેલ છે.જેથી અરજદારની માંગણી મુજબ તેઓના પુત્ર જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો ? તેનું કારણ દર્શાવવા મુદત તા.૨૩/૧૨/૨૦૨૬ ના રોજ કલાક ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે.આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું.જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૨૭' મી, માહે નવેમ્બર, સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યું.

(તૈયાર કરનાર) સહી (એમ.ડી.ઘાટલીયા) આસીસ્ટન્ટ | (મુકાબલ કરનાર) સહી (એ.ડી.ગોહીલ) આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | હુકમથી સહી (કે.એમ.સોલંકી) રજીસ્ટ્રાર

કોડીનારના મહે. એડીશનલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં મું- કોડીનાર જી-ગીરસોમનાથ.

ફો.પ.અ.નં.:-૨૦૨/૨૦૨૬
મુદત તારીખ :- ૩૦/૧૧/૨૦૨૬

અરજદાર :- ભગવાનભાઈ ભામાભાઈ બારડ,
રહે.દેવળી, તા.કોડીનાર, જી.ગીર સોમનાથ.
વિધ્વાન વકીલ શ્રી - એન.એમ.જાદવ

વિરૂધ્ધ

સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી,ઘાટવડ,
મું.દેવળી, તા.કોડીનાર, જી.ગીર સોમનાથ.

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર ભગવાનભાઈ ભામાભાઈ બારડ, રહે.દેવળી, તા.કોડીનાર, જી.ગીર સોમનાથ વાળાએ તેમના માતા રૂપાઈબેન ભામાભાઈ બારડનુ મરણ તારીખ- ૨૫/૧૨/૧૯૭૯ના રોજ દેવળી મુકામે થયેલ છે. જે બાબતની અરજી દાખલ કરી મરણ અંગેનું પ્રમાણપત્ર મેળવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ હોય જે બાબતે કોઈને વાંધા તકરાર હોય તો મુદત તારીખ - ૩૦/૧૧/૨૦૨૬ ના કલાક ૧૦-૩૦ કલાકે કોડીનાર કોર્ટમાં બિનઅચુક હાજર રહેશો તેમ કરવામાં કસુર કરશો તો આગળની યોગ્ય તે કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૭/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

તૈયાર કરનાર સહી (એ.એમ.રાઠોડ) (આસીસ્ટન્ટ) | મુકાબલ કરનાર સહી (એ.એમ.રાઠોડ) (ઈ.ચા.બેંચ કલાર્ક) | કોર્ટનો સિક્કો | હુકમથી સહી (એન.એન.પંડ્યા) (રજીસ્ટ્રાર) એડી.ચિફ.જયુડી.મેજી.કોર્ટ, કોડીનાર

જાફરાબાદના મહે. જયુ.મેજી.ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું.જાફરાબાદ

ફો.પ.અ.નં.૧૮૪/૨૦૨૬
મુદત તા.૦૬/૦૧/૨૦૨૭

અરજદાર: વંશ માલાભાઈ કાનાભાઈ
રહે.જાફરાબાદ, તા. જાફરાબાદ, જી. અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા: જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી/ચીફ ઓફિસરશ્રી,
નગરપાલીકા જાફરાબાદ, તા.જાફરાબાદ, જી.અમરેલી.

અરજદારનાં.વિ.વકીલશ્રી: નરેશભાઈ મોડાસીયા

જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદારના નાનાભાઈ **પુંજાભાઈ કાનાભાઈ વંશનાઓનો** જન્મ **તા.૦૧/૦૬/૧૯૬૮** ના રોજ મોજે ગામ: જાફરાબાદ, તા.જાફરાબાદ મુકામે થયેલ અને તેની જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનીયમની કલમ- ૧૩(૩) મુજબ હાલની અરજ કરેલ છે. જેથી અરજદારની માંગણી મુજબ તેઓના નાનાભાઈની જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનું કારણ દર્શાવવા **મુદત તા.૦૬/૦૧/૨૦૨૭** ના રોજ કલાક **૧૦:૩૦** વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે. આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યક્તિ, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૫ મી, માહે નવેમ્બર, સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યું

તૈયાર કરનાર સહી, (રાકેશ એચ.વાજા) આસીસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી, (વી.જે.પરમાર) આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | હુકમથી, સહી, (એચ.એ.પરમાર) ઈ.ચા.રજીસ્ટ્રાર, જાફરાબાદ

મહે. જાફરાબાદના જ્યુ.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં, મું.જાફરાબાદ

ફો.પ.અ.નં.૧૮૩/૨૦૨૬
મુદત તા.૦૬/૦૧/૨૦૨૭

અરજદાર: સોલંકી રાજાભાઈ મેઘાભાઈ
રહે.રોહિસા, તા. જાફરાબાદ, જી. અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા: જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી/ત.ક.મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, રોહિસા, તા.જાફરાબાદ, જી.અમરેલી.

અરજદારનાં.વિ.વકીલશ્રી: નરેશભાઈ મોડાસીયા

જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદારે તેમના માતા **રાણીબેન મેઘાભાઈ ઉર્ફે મેઘજીભાઈ સોલંકીનાઓનુ** અવસાન **તા.૨૦/૧૦/૧૯૭૦** ના રોજ મોજે ગામ: રોહિસા, તા.જાફરાબાદ મુકામે થયેલ અને તેની જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનીયમની કલમ- ૧૩(૩) મુજબ હાલની અરજ કરેલ છે. જેથી અરજદારની માંગણી મુજબ તેઓના માતાની મરણ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનું કારણ દર્શાવવા **મુદત તા.૦૬/૦૧/૨૦૨૭** ના રોજ કલાક **૧૦:૩૦** વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે. આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યક્તિ, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૫ મી, માહે નવેમ્બર, સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યું

તૈયાર કરનાર સહી, (રાકેશ એચ.વાજા) આસીસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી, (વી.જે.પરમાર) આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | હુકમથી, સહી, (એચ.એ.પરમાર) ઈ.ચા.રજીસ્ટ્રાર, જાફરાબાદ

અમદાવાદમાં પીસીબીના દરોડા દરમિયાન કારમાંથી દારૂ અને બિયરના ૬૮૪ નંગ ઝડપાયા

અમદાવાદ, તા. ૨૭





અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં પીસીબીની ટીમે દરોડો પાડી એસયુવી કારમાંથી વિદેશી દારૂ અને બિયરના કુલ ૬૮૪ નંગ ઝડપી પાડ્યા છે. આ કાર્યવાહી દરમિયાન કાર સહિત રૂ. ૧૨.૭૮ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ આંબા પાર્કના છાપરા તરફ જતા માર્ગ પર ખાનગી એપાર્ટમેન્ટની દીવાલ પાસે શંકાસ્પદ કાર ઊભી હોવાની બાતમીના આધારે પોલીસે તપાસ કરી હતી. કારની તલાશી લેતાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બિયરના ટીન મળી આવ્યા હતા.જોકે દરોડા દરમિયાન આરોપીઓ હાથ લાગ્યા ન હતા. પોલીસે મહિપાલસિંહ ચાવડા સહિત અન્ય શખ્સો વિરુધ્ધ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.દારૂ ક્યાંથી લવાયો હતો અને કોને પહોંચાડવાનો હતો તે અંગે તપાસ ચાલી રહી છે.પોલીસ હવે ફરાર આરોપીઓની શોધખોળ કરી રહી છે. તપાસમાં દારૂના સપ્લાય નેટવર્ક અંગે મહત્વપૂર્ણ વિગતો બહાર આવવાની શક્યતા છે.

રાજકોટ ગ્રામ્યમાં ડ્રગ્સ સામે પોલીસનો સપાટો : એક જ દિવસમાં ચાર કેસ નોંધાયા

રાજકોટ, તા. ૨૭



રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં ડ્રગ્સના ગેરકાયદે વેપાર સામે પોલીસે કાર્યવાહી તેજ બનાવી છે. એક જ દિવસમાં ગોંડલ બી ડિવિઝન શાપર-વેરાવળ પડધરી અને ઉપલેટા પોલીસ દ્વારા ચાર અલગ અલગ કેસમાં ૧.૩૯૨ કિલોગ્રામ ગાંજો જપ્ત કરી ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જપ્ત કરાયેલા ગાંજાની કિંમત રૂ. ૫૬ હજારથી વધુ હોવાનું જાણવા મળ્યું છે.પોલીસના જણાવ્યા મુજબ વર્ષ ૨૦૨૬ દરમિયાન એનડીપીએસ એક્ટ હેઠળ કુલ ૫૧ કેસ નોંધાયા છે અને ૧૦૬ આરોપીઓની ધરપકડ કરાઈ છે. આ કાર્યવાહી દરમિયાન પાંચ કરોડથી વધુ કિંમતનો નશીલો જથ્થો કબજે કરાયો છે. ડ્રગ્સના નેટવર્ક સાથે સંકળાયેલા આરોપીઓની મિલકતોની તપાસ પણ ચાલી રહી છે. નશામુક્તિ માટે કાઉન્સેલિંગની કામગીરી પણ હાથ ધરાઈ છે. હાલમાં આઠ બંધાણીઓને કાઉન્સેલિંગ આપવામાં આવી રહ્યું છે. પોલીસે આગામી દિવસોમાં ડ્રગ્સના ગેરકાયદે નેટવર્ક સામે વધુ કડક કાર્યવાહી કરવાની તૈયારી દર્શાવી છે.

ખડગેએ કાર્યક્રમમાં ગેરહાજર રહેલા કોંગ્રેસી નેતાઓ પાસે લેખિત ખુલાસો માંગ્યો

લખનૌ, તા. ૨૭

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના ૨૬ નવેમ્બરના લખનૌ કાર્યક્રમ અને બંધારણ બચાવો માર્ચમાં ગેરહાજર રહેલા પ્રવક્તાઓ અને પેનલિસ્ટો પાસેથી ઉત્તર પ્રદેશ કોંગ્રેસે લેખિત ખુલાસો માંગ્યો છે.

પક્ષે નોટિસ પાઠવી ગેરહાજરીનું કારણ તાત્કાલિક રજૂ કરવા સૂચના આપી છે.

પક્ષના મહત્વપૂર્ણ કાર્યક્રમોમાં હાજરી અને સોંપાયેલી જવાબદારી નિભાવવી ફરજિયાત હોવાનું જણાવ્યું છે.

ખડગેએ સંમેલનમાં ભાજપ અને આરએસએસ પર બંધારણ નબળું પાડવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કોંગ્રેસ બંધારણની રક્ષા માટે લડત ચાલુ રાખશે તેમ જણાવ્યું હતું. પક્ષે ગેરહાજર રહેલા નેતાઓના જવાબને ગંભીરતાથી લેવાની સૂચના આપી છે.

જયપુરમાં એક જ પરિવારના ત્રણ સભ્યોના મૃતદેહ મળી આવતાં ચકચાર

જયપુર, તા. ૨૭



રાજસ્થાનના જયપુરના ભટ્ટા બસ્તી પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક જ પરિવારના ત્રણ સભ્યોના મૃતદેહ મળી આવતાં ચકચાર મચી ગઈ છે.

રામનગર નજીકના બંધ મકાનમાંથી માતા, પુત્રી અને પુત્રના મૃતદેહ મળી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં પોલીસ અને એફએસએલની ટીમે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર આશરે ૩૫ વર્ષીય યુવાનનો મૃતદેહ ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો જ્યારે અન્ય બે રૂમમાંથી મહિલાઓના મૃતદેહ મળી આવ્યા હતા. યુવાનના મોબાઈલ ફોનમાંથી સુસાઈડ નોટ મળી આવી છે.

પ્રાથમિક તપાસમાં પરિવાર આર્થિક મુશ્કેલીમાં હોવાનું જાણવા મળ્યું છે. યુવાને માતા અને બહેનની હત્યા કર્યા બાદ આત્મહત્યા કરી હોવાની આશંકા છે. જોકે પોસ્ટમોર્ટમ અને એફએસએલના અહેવાલ બાદ જ ઘટનાનું સાચું કારણ સ્પષ્ટ થશે. પોલીસ તમામ પાસાંઓથી તપાસ કરી રહી છે.પોલીસે ત્રણેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યા છે. મોબાઈલમાં મળેલી સુસાઈડ નોટની વિગતોના આધારે પરિવારની આર્થિક પરિસ્થિતિ અંગે પણ તપાસ શરૂ કરી છે.

મોતીહારી નકલી દારૂકાંડમાં ચાર દોષિતોને આજીવન કેદની સજા

પટણા, તા. ૨૭

બિહારના પૂર્વ ચંપારણ જિલ્લામાં વર્ષ ૨૦૨૩માં થયેલા મોતીહારી નકલી દારૂકાંડમાં ખાસ એક્સાઈઝ કોર્ટે ચાર દોષિતોને આજીવન કેદની સજા ફટકારી છે.

૧૫ એપ્રિલ ૨૦૨૩ના રોજ હરસિદ્ધિ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ધવઈ ગામે નકલી દારૂ પીવાથી ૧૨ લોકોનાં મોત થયા હતા જ્યારે એક વ્યક્તિએ દૃષ્ટિ ગુમાવી હતી. આ કેસમાં અજય કુમાર યાદવ, રાજેશ સાહની, નવલ કિશોર યાદવ અને લાલન યાદવને દોષિત ઠેરવવામાં આવ્યા હતા. કોર્ટે ચારેયને પાંચ લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે. દંડ નહીં ભરવા પર વધારાની એક વર્ષની કેદની જોગવાઈ કરવામાં આવી છે. પોલીસ તપાસ અને રજૂ કરાયેલા પુરાવાઓના આધારે આ ચુકાદો આપવામાં આવ્યો છે. કોર્ટે સજાનો અમલ કરવાનો આદેશ પણ આપ્યો છે.

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સક્ષમ નેતા, અમને પણ ગમે છે : સંજય રાઉત

મુંબઈ, તા. ૨૭



ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ વચ્ચે શિવસેના યુબીટીના સાંસદ સંજય રાઉતે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનાં વખાણ કરતાં રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે.

પત્રકારો સાથેની વાતચીતમાં રાઉતે જણાવ્યું હતું કે યોગી આદિત્યનાથ એક સક્ષમ નેતા છે અને અમને પણ ગમે છે. યોગી હિન્દુત્વનો અગ્રણી ચહેરો છે અને ઉત્તર પ્રદેશમાં તેમનું મહત્વ છે. યોગીએ પોતાને મુખ્યમંત્રી પદના ઉમેદવાર જાહેર કર્યા હોય તો તે પ્રશંસનીય બાબત છે. તેમને વિશ્વાસ છે કે આગામી ચૂંટણીમાં બહુમતી ધારાસભ્યો તેમનું સમર્થન કરશે. પક્ષોમાં નેતાઓની નારાજગી સામાન્ય બાબત હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

બીજી તરફ ભારત ગઠબંધનના સાથી પક્ષ એનસીપીના સાંસદ સુપ્રિયા સુલેએ સીમાંકન બિલ અંગે જણાવ્યું હતું કે પહેલાં બિલ રજૂ થવા દો. તેનો સંપૂર્ણ અભ્યાસ કર્યા બાદ જ તેના પર ચર્ચા અને નિર્ણય લેવામાં આવશે.આ નિવેદનોથી વિપક્ષી ગઠબંધનના સાથી પક્ષોના અલગ અલગ વલણની ચર્ચા તેજ બની છે. આ નિવેદનોએ આગામી ચૂંટણી પહેલાં રાજકીય સમીકરણો અંગે નવી ચર્ચા જગાવી છે.

૪૮ હજાર કરોડના પ્રોજેક્ટમાં વિલંબ અંગે રેલવે મંત્રીએ તમિલનાડુ સરકારને જવાબદારી નિભાવવા અપીલ કરી

નવી દિલ્હી, તા. ૨૭



કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે તમિલનાડુની વિજય સરકાર પર રેલવે પ્રોજેક્ટ માટે જમીન સંપાદનમાં વિલંબ કરવાનો આક્ષેપ કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે રાજ્યમાં મંજૂર થયેલા ૪૮ હજાર કરોડ રૂપિયાના રેલવે પ્રોજેક્ટ માટે કુલ ૪૮૦૦ હેક્ટર જમીનની જરૂર છે. જોકે અત્યાર સુધી માત્ર ૧૨૫૩ હેક્ટર એટલે કે ૨૪ ટકા જમીન જ સંપાદિત થઈ છે. ચેન્નાઈમાં બંધારણ દિવસના કાર્યક્રમમાં બોલતાં તેમણે રાજ્ય સરકારને જમીન સંપાદનની પ્રક્રિયા ઝડપી બનાવવા અપીલ કરી હતી.

તેમણે જણાવ્યું કે તમિલનાડુમાં ૭૭ રેલવે સ્ટેશનોનું નવીનીકરણ થઈ રહ્યું છે અને નવ વંદે ભારત ટ્રેનો દોડી રહી છે. બુલેટ ટ્રેન શરૂ થયા બાદ ચેન્નાઈથી બેંગલુરુની મુસાફરી માત્ર ૭૩ મિનિટમાં પૂર્ણ થશે તેવો દાવો પણ તેમણે કર્યો હતો.

બીજી તરફ ધાર્મિક મુદ્દે પણ તેમણે રાજ્ય સરકારની ટીકા કરી હતી.

કેજરીવાલનો 'શીશમહેલ' જાહેર જનતા માટે ખૂલ્લો મુકાયો

નવી દિલ્હી, તા. ૨૭

દિલ્હીની ભાજપ સરકારે પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના ૬, ફ્લેગસ્ટાફ રોડ સ્થિત બંગલાને જાહેર જનતા માટે ખુલ્લો મૂક્યો છે. 'શીશમહેલ' નામ અપાયેલા આ બંગલાની કિંમત રૂ. ૫૮.૮૩ કરોડ દર્શાવાઈ છે. મુલાકાત માટે રૂ.૨૦ ટિકિટ રાખવાની શક્યતા છે. વરિષ્ઠ નાગરિકો અને વિદ્યાર્થીઓને મફત પ્રવેશ આપવાનું આયોજન છે.

પંજાબમાં સ્માર્ટ રેશનકાર્ડ યોજના શરૂ : ૧૦ લાખ પરિવારોને મફત રાશન સાથે મેરી રસોઈ કીટનું વિતરણ કરાશે

પંજાબ,તા.૨૭

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને સ્માર્ટ રેશનકાર્ડ યોજના શરૂ કરી છે. આ યોજના હેઠળ ૧૦ લાખ જરૂરિયાતમંદ પરિવારોને ખાદ્ય સુરક્ષાનો લાભ મળશે. મુખ્યમંત્રી અને અરવિંદ કેજરીવાલે લાભાર્થીઓને મેરી રસોઈ કીટનું વિતરણ કર્યું હતું. આ કીટમાં બે કિલો દાળ, બે કિલો ખાંડ, એક કિલો મીઠું, ૨૦૦ ગ્રામ હળદર અને એક લિટર સરસવનું તેલ આપવામાં આવશે. આ ઉપરાંત ઈ-કેવાયસી પૂર્ણ કરનાર દરેક સભ્યને દર મહિને પાંચ કિલો મફત ઘઉં મળશે. યોજનામાં પારદર્શિતા જળવાય તે માટે ડિજિટલ પ્રક્રિયા અને ઘરેઘરે ચકાસણી કરવામાં આવી છે. આ અભિયાન દરમિયાન ૧૯.૨૫ લાખ અરજીઓ મળી હતી. સરકારના જણાવ્યા અનુસાર માત્ર પાત્ર પરિવારોને જ લાભ આપવામાં આવશે.

ગયા એરપોર્ટ પર બેંગકોકથી આવતો ૨.૫ કરોડનો હાઈડ્રોપોનિક ગાંજો કસ્ટમ વિભાગે ઝડપી પાડ્યો

પટણા, તા. ૨૭



બિહારના ગયા એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગે બેંગકોકથી દાણચોરી કરીને લાવવામાં આવતો આશરે ૨.૫ કરોડ રૂપિયાની કિંમતનો હાઈડ્રોપોનિક ગાંજો ઝડપી પાડ્યો છે. આ મામલે એક મહિલા સહિત બે ભારતીય મુસાફરોની ધરપકડ કરવામાં આવી છે. બેંગકોકથી આવેલી ઈન્ડિગોની ફ્લાઈટના મુસાફરોના સામાનની તપાસ દરમિયાન શંકાસ્પદ વસ્તુઓ મળી આવી હતી. તપાસ કરતાં બેગમાંથી હાઈડ્રોપોનિક ગાંજો મળી આવ્યો હતો. ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ મોહમ્મદ રિયાસત હુસૈન અને વિજય વિનોદ ગજભીયે તરીકે થઈ છે.

સમરી દાવાનો જાહેર સમન્સ

બોર્ડ ઓફ રજિસ્ટ્રાર્સ નોમીનીઝ, ભાવનગર.

સરનામું :- રૂમ નં.- એસ/૮, બીજા માળે, બહુમાળીભવન, ભાવનગર.

(ગુજરાત કો-ઓપ. સોસાયટી એક્ટની કલમ – ૯૯(૪) મુજબ)

ડીસ્પ્યુટન્ટ (વાદી) :- શ્રી સરદાર પટેલ શરાફી સહકારી મંડળી લી. બગસરા.

વિરૂધ્ધ

સામાવાળા (પ્રતિવાદી) :- નીચે મુજબની વિગતે....

ક્રમ	સમરી દાવા નંબર	પ્રતિવાદી નંબર	પ્રતિવાદીનું નામ	કયા દરજ્જે	દાવાની રકમ
૧	૭૨/૨૦૨૬	૧	ગુજ. જયેશભાઈ હરીભાઈ બાવીશીના વારસદાર નિર્મળાબેન હરીભાઈ બાવીશી	મુળ કરજદાર	૧,૩૩,૫૫૮/-
		૨	નંદલાલ કડવાભાઈ રાંક	જામીન દરજ્જે	
		૩	દલસુખભાઈ જિવરાજભાઈ હિરાણી	જામીન દરજ્જે	

ઉપરોક્ત વાદીએ આ કોર્ટમાં દાવો દાખલ કરતા ઉપર જણાવેલ જે તે દાવાના જે તે પ્રતિવાદીને ટપાલથી સમન્સ બજાવવાની કોશીષ કર્યા છતાં સામાવાળાને સમન્સ બજતા નથી કે અન્ય આધાર પોસ્ટ તરફથી મળેલ નથી. આથી આ જાહેર સમન્સથી તેઓને જણાવવામાં આવે છે કે, તમારા ઉપર ડીસ્પ્યુટન્ટ (વાદીએ) ધી ગુજરાત કો-ઓપરેટીવ સોસાયટી એક્ટની કલમ – ૯૯(૪) હેઠળ દાવા નંબરની સામે જણાવ્યા મુજબની રકમ વ્યાજ સહીત વસુલ લેવા માટે દાવો માંડ્યો છે. આ ઉપરથી તમોને ફરમાવવામાં આવે છે કે, સદરહું જાહેર સમન્સ પ્રસિધ્ધ થયાની તારીખથી દસ (૧૦) દિવસની અંદર તમો જો બચાવ કરવા માંગતા હો તો સોગંદ ઉપર બચાવ અરજી તથા બચાવ અરજીના સમર્થનમાં જે દસ્તાવેજો પુરાવા ઉપર તમો આધાર રાખતા હોય તેની નકલ ડીસ્પ્યુટન્ટ (વાદી) ને આપી ઉપરોક્ત સરનામે હાજર થવું અને બચાવ કરવાની પરવાનગી મેળવવી.

જો તમો તેમ કરવામાં કસુર કરશો તો દિવસ ૧૦ની મુદત વિત્યા બાદ કોઈપણ સમયે ડીસ્પ્યુટન્ટ (વાદી) લેખીત રકમ, વ્યાજ અને ખર્ચ સહીતનો એવોર્ડ મેળવવા હક્કદાર થશે. તેની નોંધ લેશો.

આજ રોજ મારી સહી કરી અને કોર્ટનું સીલ મારી આપેલ છે.

તૈયાર કરનાર
સહી,
(એન.બી.મોરી)
જુનિયર કલાર્ક

તારીખ:-૨૭/૧૧/૨૦૨૬
સ્થળ:-ભાવનગર

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(ડી.એન.રંગાણી)
કલાર્ક ઓફ ધી કોર્ટ
બોર્ડ ઓફ રજિસ્ટ્રાર્સ નોમીનીઝ
ભાવનગર

ઈરાને અમેરિકાને ચેતવણી આપી :સાત શરતો પૂરી થશે તો જ વાટાઘાટો શક્ય

દુબઈ, તા. ૨૭

ઈરાને અમેરિકા સાથે સંઘર્ષનો અંત લાવવા સાત શરતો મૂકી છે. ઈરાનના વાટાઘાટકાર મોહમ્મદ બાઘર ગાલિબાફે શરતો પૂર્ણ ન થાય ત્યાં સુધી મંત્રણા નહીં કરવાની સ્પષ્ટતા કરી છે. પ્રતિબંધો હટાવવા, બંદરોની નાકાબંધી સમાપ્ત કરવા અને જપ્ત સંપત્તિ મુક્ત કરવાની માંગ કરી છે. હોર્મુઝમાં ત્રણ ટેન્કરમાં આગ લાગ્યાનો દાવો પણ કર્યો છે.

૨૦૩૬ ઓલિમ્પિકના આયોજન માટે આઈઓસી સમક્ષ ભારતે રજૂ કર્યો રોડમેપ : અમદાવાદને પ્રસ્તાવિત આયોજનનું કેન્દ્ર બનાવાયું

નવી દિલ્હી, તા. ૨૭



ભારતમાં ૨૦૩૬ ઓલિમ્પિક અને પેરાલિમ્પિક રમતોના આયોજન માટે તૈયારીઓ તેજ બની છે. ભારતીય ઓલિમ્પિક એસોસિએશને આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિના ફ્યુચર હોસ્ટ કમિશન સમક્ષ વર્ચ્યુઅલ પ્રેઝન્ટેશન દ્વારા ભારતનું વિઝન અને રોડમેપ રજૂ કર્યો હતો. આ પ્રેઝન્ટેશનમાં આઈઓએ પ્રમુખ પી. ટી. ઉષા, સીઈઓ રઘુરામ ઐયર, એથ્લેટ્સ કમિશનના અધ્યક્ષ પી. વી. સિંધુ અને આઈઓસી સભ્ય નીતા અંબાણી જોડાયાં હતાં. અમદાવાદને ભારતના પ્રસ્તાવિત આયોજનના કેન્દ્રમાં રાખવામાં આવ્યું છે. શહેરમાં રમતગમતનાં વિશ્વસ્તરીય સંકુલ અને માળખાગત સુવિધાઓ વિકસાવવાની યોજના રજૂ કરવામાં આવી હતી. ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સનું આયોજન પણ અમદાવાદમાં થવાનું છે. બેઠકમાં કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવિયા અને ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ હાજર રહ્યા હતા. ભારત ઉપરાંત હંગેરી, કતાર, દક્ષિણ આફ્રિકા, તુર્કી, જર્મની અને દક્ષિણ કોરિયા પણ આયોજન માટે દાવેદાર છે. ભારત હાલમાં આઈઓસી સાથે સતત સંવાદના તબક્કામાં છે. માર્ચ ૨૦૨૭માં વ્યૂહાત્મક સંવાદનો તબક્કો શરૂ થવાની અપેક્ષા છે.



વડોદરા એરફોર્સ સ્ટેશન પર હુમલાનું કાવતરું નિષ્ફળ, એ.કે.-૪૭ અને કારતૂસ સાથે જૈશનો આતંકી ઝડપાયો

વડોદરા, તા. ૨૭

ગુજરાત એટીએસએ વડોદરામાં મોટી કાર્યવાહી કરી એરફોર્સ સ્ટેશન પર હુમલાનું કાવતરું ઘડનાર જૈશ-એ-મોહમ્મદના આતંકી મોહમ્મદ શેહરુલ ઈસ્લામને એકે-૪૭ રાઈફલ સાથે ઝડપી પાડ્યો છે. આરોપી હુમલો કર્યા બાદ પાકિસ્તાન ભાગવાની તૈયારીમાં હતો. ચોક્કસ બાતમીના આધારે એટીએસએ પંચમહાલના હાલોલ નજીકથી તેની ધરપકડ કરી યુએપીએ હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.



પ્રાથમિક તપાસમાં આરોપી આગામી એક-બે દિવસમાં ઓટોમેટિક હથિયારથી વડોદરા એરફોર્સ સ્ટેશન પર ફાયરિંગ કરવાની યોજના ધરાવતો હોવાનું સામે આવ્યું છે. તેણે એરફોર્સ સ્ટેશનના ગેટ પાસે રેકી કરી ફોટા અને વીડિયો ઉતાર્યા હતા, જે તેના મોબાઈલમાંથી મળી આવ્યા છે.

એટીએસના જણાવ્યા અનુસાર, આરોપીએ દાહોદ નજીક ડેડ ડ્રોપ પધ્ધતિથી એકે-૪૭ મેળવી હતી. તેની પાસેથી બે ખાલી મેગેઝિન, ૨૩ જીવતા કારતૂસ અને અન્ય સામગ્રી જપ્ત કરાઈ છે. મૂળ આસામના કરીમગંજનો રહેવાસી આરોપી છેલ્લા એક વર્ષથી પાકિસ્તાન સ્થિત હેન્ડલર મુફ્તી અબ્દુલના સંપર્કમાં હતો.

હેન્ડલરે તેને રૂ. ૫૦ હજાર મોકલ્યા હોવાનું પણ તપાસમાં ખુલ્યું છે. આરોપી આસામથી ભોપાલ થઈ વડોદરા આવ્યો હતો. હાલ એટીએસ તેના સ્થાનિક સંપર્કો, આર્થિક મદદ અને આતંકી નેટવર્ક અંગે તપાસ કરી રહી છે. આરોપીના ઘરે તપાસ માટે ટીમ આસામ પણ પહોંચી છે.

મહુવાના કળમોદર ગામે કપાસની વાડીમાં ગાંજાના ૧૬૧ છોડ સાથે ખેડૂત ઝડપાયો

ભાવનગર, તા. ૨૭

ભાવનગર જિલ્લાના મહુવા પંથકમાં બગદાણા નજીક આવેલા કળમોદર ગામે કપાસની વાડીમાં ગાંજાની ખેતી કરવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. વધુ નાણાં કમાવવાની લાલચમાં એક ખેડૂતે પોતાના ખેતરમાં કપાસના પાકની વચ્ચે ગાંજાના છોડ ઉગાડ્યા હતા. પોલીસને મળેલી બાતમીના આધારે એસઓજીની ટીમે દરોડો પાડીને ગાંજાની ગેરકાયદે ખેતીનો પર્દાફાશ કર્યો હતો. પોલીસે સ્થળ પરથી અંદાજે ૫૦ લાખ રૂપિયાથી વધુ કિંમતના ગાંજાના ૧૬૧ છોડ કબજે કર્યા હતા



અને ખેડૂત ઘોહારામ ભમ્મરની ધરપકડ કરી હતી. ખેતરમાંથી ૧૦૦ કિલોથી વધુ ગાંજાનો જથ્થો મળી આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.પોલીસની ટીમે કળમોદર ગામની વાડીમાં તપાસ કરતાં કપાસના પાકની આડમાં ગાંજાના છોડ ઉગાડવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું હતું. આ મામલે પોલીસે આરોપી સામે એનડીએપીએસ એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.જિલ્લા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેયે જણાવ્યું હતું કે ડ્રગ્સ ફ્રી ઈન્ડિયા અને ડ્રગ્સ ફ્રી ગુજરાત અભિયાન અંતર્ગત જિલ્લામાં નશીલા પદાર્થોના ગેરકાયદે વેપાર અને ખેતી સામે સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. ચાલુ વર્ષે અત્યાર સુધીમાં ડ્રગ્સ સંબંધિત કુલ ૩૫ કેસ નોંધાયા છે, જેમાં છેલ્લા ૨૪ કલાકમાં જ બે કેસ નોંધાયા છે.ડ્રગ્સ વિરોધી ઝુંબેશને વધુ વેગ આપવા એસઓજી, એલસીબી, એનડબ્લ્યુ અને સ્થાનિક પોલીસ દ્વારા આગામી દિવસોમાં પણ સઘન કાર્યવાહી કરવામાં આવશે. શંકાસ્પદ વિસ્તારો પર નજર રાખવા ડ્રોન ટેક્નોલોજીનો ઉપયોગ પણ કરવામાં આવી રહ્યો છે. આનાથી નશીલા પદાર્થોની ગેરકાયદે પ્રવૃત્તિઓ શોધવામાં મદદ મળશે.

